# અધ્યાત્મ

વર્ષ : ૯ માર્ચ–૧૯૮૮ અંક : ૬




## * સદ્‌ભાવભરી ભેટ *

સદ્‌ભાવભરી ભેટનો પુનિત પ્રવાહ પ્રભુકૃપાથી ચાલ્યાંજ કરે છે. કલ્પના પણ ન હોય એવી અણધારી સહાયો મળતી રહે છે ને અધ્યાત્મની ગાડી ચાલતી રહે છે; એમાં પ. પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીની તેમજ પૂજ્ય માશ્રી સર્વેશ્વરીની શકિતજ કારણભૂત લેખીએ છીએ. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

૫૦ શ્રીમતી કૈલાસબેન વિનુભાઈ જોષી, વડોદરા.
૧૫ ડો. રાજેન્દ્ર ભટ્ટ, બારડોલી.
૫૧ શ્રી વિજયભાઇ કલોલા રાજકોટ, પુત્રની વર્ષગાંઠ નિમિત્તે.
૧૧ શ્રીમતી મંગળાબેન ભોજાણી તરફથી.
૧૦ એક સાધકભાઈ તરફથી.
૧૧ ડો. રણજીતભાઈ પટેલ, ( अनामी ) વડોદરા.
૧૧ દિવ્યપ્રભાબેન કાન્તિલાલ ત્રિવેદી, અમદાવાદ.
૧૧ શ્રી અમૃતલાલ ડી. ચૌહાણ, મોરબી.
૫૧ શ્રી મંજુલાબેન પ્રફુલ્લભાઇ ભકત, અને
૫૧ શ્રી સુમિત્રાબેન ગિરીશલાલ તરફથી. બન્ને ભાવિશાના જન્મદિન નિમિત્ત.
૧૦૧ શ્રી સુમનલાલ બાપાલાલ પરીખ, વડોદરા
૩૧ ડો. એસ. બી. મહેતા, અમદાવાદ-પુત્ર વ્યોમેશના લગ્ન નિમિત્તે.
૨૧ શ્રી નરેન્દ્રભાઇ સોરઠિયા, સુરત-ઓજસની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.
૨૩૦૫ શ્રી પી. એલ. પટેલ, ઈંગ્લેન્ડ તરફથી, ચિ. તરૂણની પંદરમી વર્ષગાંઠ નિમિત્તે ૧૦૦ પાઉન્ડ.
૫૧ એક અધ્યાત્મ પ્રેમીના પુત્રના લગ્ન નિમિત્તે.

( પૃષ્ઠ ૫૮ ઉપર )



પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી

પ્રાદુર્ભાવ
૧૫ ઓગસ્ટ ૧૯૨૧

નિર્વાણદિન
૧૮ માર્ચ ૧૯૮૪

## એક અરજી

દિવ્યલોકથી આવી ઊભા
પ્રભુ યોગેશ્વર રૂપમાં.
જીવન કેરા સર્જક શાશ્વત, સંરક્ષક શિરતાજ છો,
કામક્રોધની વૃત્તિઓના સંહારક પ્રભુ આપ છો.
દિવ્યલોકથી.

વનવગડા જેવા જીવનને નંદનવન જેવું કર્યું,
ક્યાં સંતાયા છેવટ સ્વામી, શોધુ જગના નાથને.
દિવ્યલોકથી.

રાતદિવસની સતત ઝંખના પૂર્ણ બનાવો માત હે,
દિવ્યરૂપનું દર્શન આપી ધન્યતા ધરો પ્રાણને.
દિવ્યલોકથી.

રામકૃષ્ણ છો સાચે મારા જીવનના ધન રંકના,
પ્રેમે પધારો પાવન કરવા, કરૂં હજારો વંદના.
દિવ્યલોકથી.

વારે વારે એકજ અરજી લઇ ચરણમાં દીન હું,
માનવ સ્વરૂપધારી આવો અલખ નિરંજન હે પ્રભુ !
દિવ્યલોકથી.

— મા સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૯ અંક : ૬ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ચોથા પુણ્યતિથિએ | — તંત્રી | ૧૨ |
| પ્રેરણા પરબ | કલ્યાણ | ૧૭ |
| સુખ | રામુ પારેખ | ૨૨ |
| સંતનો પ્રસાદ | મહેન્દ્ર ઇ. પંડ્યા | ૨૫ |
| પશુ–પરિષદ | અ. ના. શેઠ | ૩૪ |
| નમસ્કારનો મહિમા | પૂજ્યપાદ સંતશ્રી આસારામજી બાપુ | ૩૯ |
| સતી વૃન્દા અને જાલંધર | ભરતભાઈ વિઠ્ઠલભાઈ ભક્ત | ૪૪ |
| ના નમીએ, ના નમીએ ! | રંગ અવધૂત | ૪૯ |
| ॐ मा—प्रभु शरणं मम । | — | ૫૦ |
| પૂ. માની સાધના અને આપણે | નારાયણ હ. જાની | ૫૧ |
| આસ્થા–શ્રદ્ધા–વિશ્વાસ | ઈશ્વરભાઈ એમ. શાહ | ૫૫ |
| પ્રકાશના પંથે | સં. પરમાર્થી | ૫૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૯ માર્ચ–૧૯૮૮ અંક : ૬

## શ્રી યોગેશ્વર કથામૃત

વિક્રમ સંવત ૨૦૩૬ શ્રાવણ સુદ પૂનમ ને મંગળવાર તારીખઃ— ૨૬/૮/૧૯૮૦ (રક્ષાબંધન)

સ્થળઃ— 'સુભાષ' ૧૯૮૮–એ, સરદારનગર, ભાવનગર-૧.

સવારે પૂ. શ્રીના દર્શન સાડાપાંચ વાગ્યે થયાં. કારણ કે પૂ. શ્રી પૂ. માતાજી માટે કોફી બનાવવા રસોડામાં જતા હતા. મેં પણ મદદ કરી. નિર્યમિત રીતે વ્યાયામ અને માળા કરીને માતાજીની નિયમિત સેવા કરે છે. દરરોજ સવારે ૮/૦૦ કલાકે પૂ. માતાજી માટે ગરમપાણી આવી જાય છે. પૂ.શ્રી પૂ.માતાજીને સ્નાન કરાવે છે. પૂ. શ્રી ૮/૩૦ કલાકે પૂ. માતાજીને દવા આપે છે. કોફી બનાવીને પાય છે. થોડી વાતો કરે છે અને પૂ. માતાજીને જરાપણ દુઃખ ન થાય તેનું પૂરેપૂરું ધ્યાન રાખે છે. પૂ. શ્રી થોડીવાર આરામ કરવા જાય છે. ત્યાંતો દશમિનિટમાં જ ડોકટર આવે છે જેથી તેઓ પૂ. માતાજી પાસે આવી પહોંચે છે. ફકત દશજ મિનિટ આરામ મલ્યો છે. પૂ. શ્રીના પગ દુઃખે છે. છતાં ૧૦-૪૫ સુધી ડોકટર વાતો કરતા ઊભા છે ત્યાં સુધી પૂ શ્રી પણ ઊભા રહ્યા છે. હવે પંદર જ મિનિટ પછી મુલાકાત શરૂ થશે. અને તેથી પૂ. શ્રી એ ફરજીયાત આરામ

કરવો જરૂરી હોવાથી તેમણે પંદર મિનિટ આરામ કર્યો.

આજે રજા હોવાથી ઘણા ભાવિક સાધકો આવ્યા છે. પૂ. શ્રી બહાર ખુલ્લા વરંડામાં ખુરશી ઉપર આવીને બેઠા. પાસેજ પૂ. માતાજી માટે પલંગ છે. ને બીજી બાજુ મારું આસન છે. ત્યાં મેં બેઠક લીધી. પૂ શ્રીને ગરમી ના લાગે તે માટે પંખાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. પણ પૂશ્રીએ પૂ. માતાજીની માંદગીને કારણે તેને બંધ કરવાની સૂચના આપી. પૂ શ્રીએ કહ્યુઃ " ગઈકાલે રાતે માતાજી ઢગલો થઈને પડયાં હતાં. બોલવાની પણ શકિત ન હતી. ખોરાક નથી લેવાતો એટલે અશકિત ઘણી ઘણી લાગે છે. ગભરામણ પણ થાય, માતાજીને તો એમ થયું કે હવે મારે જવાનો સમય છે કે શું ? મને કહ્યુ " તમે જગદંબાને પૂછી જુઓ. મારે જવાનું છે કે શું ? " માતાજીને અંતરથી એવું લાગ્યા કરતું.

પૂ. માતાજી પૂ. શ્રીયોગેશ્વરજીને માનાર્થે જ બોલાવે છે. માતા તરીકેનો પુત્રભાવ નહીં પણ 'મહાત્મા' તરીકેનો પૂજ્યભાવ પૂ માતાજીમાં જોવા મળે છે.

આજે પૂ. માતાજી બહાર પલંગ ઉપર પણ ન આવી શકયાં. સુવાનું , બેસવાનું , બોલવાનું , ચાલવાનું તેમને ગમતું નથી એટલે શું થાય ? માંદગી ને વૃદ્ધાવસ્થા બંને ભેગાં થયાં છે.

આજે મુલાકાતીઓમાં એક બેન્કના ડીવીઝનલ મેનેજર પણ આવ્યા છે જેઓ યોગદા સેન્ટરના સભ્ય છે. તેમણે પ્રશ્ન પૂછ્યો—

પ્રશ્નઃ-શ્રી યોગાનંદજી ક્રિયાયોગ ઉપર ખૂબ ભાર મૂકે છે તે અંગે આપનું શું કહેવું છે ? ક્રિયાયોગના ૧૮ લેશનમાંથી મેં ફકત ૬ જ કર્યા છે એટલે પૂછું છું.

પૂ. શ્રીઃ–ક્રિયાયોગ એ પાતંજલ યોગદર્શનનો શબ્દ છે. ક્રિયાયોગના આરંભમાં મુખ્યત્વે સદ્ગુરુ સાધકને મંત્રદીક્ષા



કે ગુરુમંત્ર આપે તેના જપ કરવા, પ્રાર્થના, પ્રાણાયામ, ષણ્મુખી મુદ્રાનો અભ્યાસ અર્થાત્ આપણા ધ્યાનની જે પદ્ધતિ છે એવી પદ્ધતિ જેમાં છે તેને જ ક્રિયાયોગ એવું કહેવામાં આવે છે.

પ્રશ્નઃ-પ્રાણાયામના અભ્યાસમાં આંતર કુંભક કે બાહ્ય કુંભક શ્રેષ્ઠ છે ?

પૂ. શ્રીઃ-એ બન્ને કરતાં સહજ કુંભક એટલે કે અંદર કે બહાર જ્યાં પણ સહજરીતે કુંભક થાય તે શ્રેષ્ઠ ગણાય, કારણ કે અંદર ને બહાર એ રોકવાની ક્રિયામાંજ સમય ઘણો પસાર થઇ જાય એટલે સહજરીતે જ્યાંપણ શ્વાસ રોકી શકાય ત્યાં સુધી રોકવો ને આજ્ઞાચક્રમાં મનને સ્થિર કરવું.

શ્રી મણીભાઇએ પેલા યોગદા સેન્ટરવાળા ભાઇને પૂછ્યું કે તમને ક્રિયાયોગમાં શું કરાવે છે ? ત્યારે તેમણે જવાબ આપતાં કહ્યુ કે અમારે એ વાતો ગુપ્ત રાખવાની હોય છે.

પૂ. શ્રીઃ–એમાં ગુપ્ત રાખવા જેવું કશુ નથી હોતું. તમે જાણો તો તમને એમ થાય કે આમાં શું ગુપ્ત રાખવાનું ? રાધાસ્વામી સંપ્રદાય પણ ગુપ્ત રાખે છે. જોકે તેનો ખુલ્લો પ્રચાર કરવામાં આવે તો બધા તેનો લાભ લે છે એવું નથી બનતું, માટે તેના જાહેર પ્રચારનો ખાસ અર્થ નથી. તેઓ ગુપ્ત રાખે છે તેનું કારણ એ પણ છે કે અધિકારી ને યોગ્યતાવાળા સાચા જીજ્ઞાસુનેજ જ્ઞાન આપીએ તો ક્રિયાયોગનું કાર્યપણ થાય ને તેનું મહત્ત્વ પણ અંકાય. જેમ બેન્કમાં ગણિતજ્ઞાનના અભાવવાળા, કે નાનામોટી ઉમ્મરવાળાને લેવામાં આવે તો તે કાર્ય બરાબર કરી શકતા નથી.

પ્રશ્નઃ–ધ્યાનસાધનામાં આગળ વધીએ છીએ એ જાણવા-માટેનાં કોઈ લક્ષણો ખરાં ?

પૂ. શ્રીઃ-હા, ધ્યાન સાધનામાં તમે જેનું ધ્યાન કરો તેનો

જ વિચાર મનમાં તૈલધારાવત્ રહે, એકાગ્રતા વધે, આંતરિક પ્રસન્નતા સહજ બને વળી નિર્વિકારીતા ને અનાસક્તિ રહે. આગળ જતાં દેહભાન જાય ને આગમના એંધાણ મળે, સમાધિમાં આત્મદર્શન પણ થાય.

પ્રશ્નઃ–સાધકે દ્વૈતને (સગુણને) માનવું કે અદ્વૈતને (નિર્ગુણને) માનવું?

પૂ.શ્રીઃ–કોઇપણ સાધક શરૂઆતમાં તો દ્વૈતનેજ માને છે. અદ્વૈતમાં તો હું જ પરમાત્મા છું, હું એક જ છું, અદ્વિતિય છું, શુદ્ધ છું, મુક્ત છું, બુદ્ધ છું તો એવા અદ્વૈતભાવમાં સાધના રહી જ ક્યાં?

પ્રશ્નઃ–દ્વૈતની સાધનાનું જ પરિણામ અદ્વૈત ગણાય?

પૂ.શ્રીઃ–હા, જુઓ તમે લગ્ન કર્યા છે? હા, તો પછી લગ્ન થાય ત્યારે શરૂઆતમાં દ્વૈતભાવ પતિ પત્નિ વચ્ચે રહે, અંતર રહે પણ જેમ જેમ આત્મીયતા વધે એટલે કે બન્ને પાત્રોના શરીર ભલે જુદા જુદા રહે પણ મન એકજ બની જાય છે. બન્ને વચ્ચે દ્વૈતભાવ છે ત્યાંસુધી ઘણાં લોકો શંકા કુશંકા કરે, સીઆઇડીપણું કરે, સામેની જ વ્યકિતને ઓળખવાની કોશિષ હોય પણ પછીથી આત્મીયતા વધે, સમર્પિત થવાની ભાવના આવે, આદર્શ આત્મીય પ્રેમ વધે ત્યાં અદ્વૈત આવે.

આમ લગ્નની શરૂઆતમાં દ્વૈત ને પછી અદ્વૈત. એટલે સંસારમાં જેવું છે તેવુજ પ્રભુની દુનિયામાં પણ છે.

પ્રથમ સાધક એવુ માને છે કે પ્રભુ દૂર દૂર આકાશમાં રહેલો છે, મારાથી જુદો છે. તેથી દ્વૈતભાવે ભજે છે. પછી એ પ્રભુને બદલે હું પ્રભુ જેવો જ છું. હું જ પ્રભુ છું પછી તો હું પણ નીકળી જાય ને પ્રભુ પ્રભુ ને પ્રભુ જ રહે એટલે અદ્વૈત ભાવ આવે.



"જહાઁ કામ તહાઁ રામ નહીં, જહાઁ રામ તહાઁ કામ નહીં,
તુલસી દોનો ના ટીકે રવિ રજની એક ઠામ"

સાધનાના આમ તો બેજ પ્રકાર છે, દ્વૈત ને અદ્વૈત. પણ ત્રીજો પણ એક વચ્ચેનો પ્રકાર છે વિશિષ્ટાદ્વૈત.

વિશિષ્ટાદ્વૈતમાં જે પ્રભુ દૂર છે એવું માનતા જગતમાં પણ પ્રભુ વ્યાપક છે એ વિશિષ્ટ અદ્વૈત અને એનાથી આગળ તે પ્રભુ મારા પણ છે, તેજ હું છું તે અદ્વૈતબ્રહ્માંડમાં ઈશ્વર છે જ પણ બ્રહ્માંડ જ ઈશ્વર એ અદ્વૈત.

એક બેનઃ–મને ચોવીશ કલાક ઈશ્વરનું દર્શન થયા કરે છે, આખો દિવસ થરથરાટ ચાલ્યા કરે છે તો મારે હવે શું કરવાનું રહ્યું?

પૂ. શ્રીઃ–ઈશ્વરનું દર્શન થાય છે, યાદ આવે છે કે મૂર્તિ દેખાય છે? જુઓ ઈશ્વર દેખાવા એતો લોહીના પાણી થાય ત્યારે દેખાય. હા, યાદ આવ્યા કરે એ જુદી વસ્તુ છે. જુઓ તમે અહીંથી સૌ જશો એટલે હું દેખાતો નથી પણ યાદ આવ્યા કરું એ રીતે મૂર્તિ દેખાયા કરે.

બેનઃ–હા મૂર્તિનું ઉપરનું જ મુખ દેખાયા કરે.

પૂ. શ્રીઃ–તો એ ઈશ્વરદર્શન ના કહેવાય અને ઈશ્વર-દર્શન થાય તો શરીરમાં થરથરાટ ન થાય. એ થરથરાટ તો નબળું તન ને નબળા મનની નિશાની છે, જે વિચારો આવે તેને વારંવાર વાગોળવાનો-કાંતવાનો સ્વભાવ પડી જાય એથી એકનાએક વિચારોથી પણ થરથરાટ થાય. પ્રાર્થના કરો, જપ કરો.

પ્રશ્નઃ–મનનો લય અને સમાધિમાં શો ફેર?

પૂ. શ્રીઃ–સમાધિમાં નાડીબંધ થાય, શ્વાસ બંધ થાય, હૃદયના ધબકારા પણ બંધ થાય, જીવનની કોઇ નિશાની ન દેખાય, છતાંય શરીરમાં સૂક્ષ્મરીતે જીવન, આત્મતત્વ, પ્રાણ-

તત્ત્વ હોય જેમ સૂર્ય પોતાના કિરણોને સંકેલી લે તેમ તે તત્ત્વ સૂક્ષ્મરીતે કાર્યરત હોય.

પ્રશ્નઃ–યોગી સંકલ્પ કરે તો જ સમાધિમાંથી જાગી શકે ને?

પૂ. શ્રીઃ–હા, મોટામોટા યોગીઓ સંકલ્પો કરે છે એ સંકલ્પો તેમને સમાધિમાંથી નીચે લાવે છે. પણ ઘણા યોગીઓ સંકલ્પ ન કરે તો પણ તેમના પ્રારબ્ધકર્મ ભોગવવાનાં બાકી હોય તો તે પ્રારબ્ધકર્મો જ તેમને નીચે લાવે. સમાધિમાંથી જગાડવામાં આવે જ નહીં તો પ્રારબ્ધકર્મ તેના શરીર વિના કોણ ભોગવે? એટલે પ્રારબ્ધકર્મ પણ સમાધિમાંથી જગાડે. વળી અવતારી પુરુષોને સંકલ્પ નથી થતા, પ્રારબ્ધકર્મ પણ નથી હોતાં. પણ જો ઈશ્વરની ઇચ્છા હોય તો સમાધિમાંથી જાગે છે. સમાધિમાં બધાં જ શરીર છોડી દે તો એ અવસ્થાનું વર્ણન કોણ કરે? એટલે ઈશ્વર પોતાના હિત માટે મહાપુરુષોને જગાડે. નહીં તો ભગવાનની પેઢી કેવી રીતે ચાલે? મહાપુરુષો દ્વારા પ્રભુ પોતાની પેઢી ચલાવે છે.

પ્રશ્નઃ–સંકલ્પથી જ ઘણા જમીનમાં ખાડા ખોદાવીને દટાઇ જાય છે ને પાછા યથાવત્ નીકળે પણ છે ને?

પૂ. શ્રીઃ–સંકલ્પની સાથે પ્રાણાયામના અભ્યાસથી તે શકય બને છે. શ્વાસને લાંબા ગાળા સુધી રોકીને તેનો પ્રયોગ થઇ શકે પરંતુ દટાવો, દોડો, કે કૂદો પણ શંકરાચાર્ય કહે છે તેમ બધા શાસ્ત્રો મોઢે કરો, બધા દેવોની ઉપાસના કરો, એકના પાંચ કે પંદર બની જાવો પણ મનની વિશુદ્ધિ વિના આત્મદર્શન શકય નથી અને જ્યાં સુધી વિશુદ્ધ અંતઃકરણ ન થાય ત્યાં સુધી મોક્ષ ન થાય.

આ પ્રશ્નોત્તરી દરમ્યાન કેરાલાના એક સંતપુરુષ ડો.



પ્રભાનંદ સ્વામી આવે છે. 'ૐ નમો નારાયણ' કહી, પ્રણામ કરી પૂ. માતાજી માટે બિછાવેલા પલંગ ઉપર તેઓ બેસે છે. ગુજરાતી ભાષા સમજી શકે છે. પૂ. શ્રી સાથે થોડી અંગ્રેજીમાં વાતો કરી પૂ. શ્રીએ પણ અંગ્રેજીમાં જ વાતો કરી. તેઓશ્રી યોગનો એક સેમીનાર મોટા ગોપનાથના સ્થાનમાં યોજવાની વાત કરે છે ને ત્યાં આવવા માટે અમને આમંત્રણ આપે છે.

પ્રશ્નઃ–ભજનો ગાવાથી મનનો લય થાય ખરો?

પૂ. શ્રીઃ–હા, મન એકાગ્ર થાય પણ એમાંથી આગળ વધીને માનવે જાગૃત બનીને એમાંથી શુદ્ધતા મેળવવી. ભક્તિ કેવી હોવી જોઈએ? નિષ્કામ, સાચા હૃદયની, ઊંડા પ્રેમ ને અનન્યભાવવાળી, બાહ્યઆડંબર ને લોકૈષ્ણા વગરની હોવી જોઇએ. એક ભજન મંડળી ગામેગામ જઇ દર એકાદશીને રોજ ભજનો કરે. લોકો ભેટ ધરે, પ્રણામ કરે, પણ તે ભજનિકો મોડી રાતે ભજનો કર્યા પછી ઘાટ ઘડે કે આજે કોનું ઘર ફોડવું છે? ને એ રીતે ચોરી કરીને પોતે તો એકાદશીનું ફળ પાકું જ મેળવી લે. એ રીતે વૈકુંઠ પ્રાપ્તિ કરી લે એ એમની ભકિત. શુદ્ધ ને પવિત્ર વ્યવહાર હોય તોજ તે ભકિત સફળ થાય. નિંદા, તિરસ્કાર, ચોરી, અસત્ય ને છેતરપિંડી કરતાં કરતાં ભકિત કરે તો તેનાથી શું વળે?

આટલા સત્સંગ પછી સૌ છૂટાં પડે છે.

બહારના ભાગમાં જ્યાં સત્સંગ થાય છે ત્યાંજ ભોજન લેવાનું બને છે. પૂ. શ્રી પ્રથમ પૂ. માતાજીને પીરસીને ભોજન કરાવે છે. પછી પૂ. માતાજી પલંગ ઉપર સૂઇ જાય છે. અમે બન્ને પણ ત્યાંજ ભોજન લઇએ છીએ. પૂ. શ્રી હિંચકા પર બેસીને લેખ અને પત્રો વાંચી લે છે. વડોદરા શ્રી રમણભાઈને એકપત્ર લખાવે છે. શ્રી નારાયણભાઇનો નાનો પણ પ્રેમાળ

ને શ્રદ્ધાળુ યુવાન પુત્ર અજય રોજની જેમ પૂ. માતાજીને રોજની જેમ મેગ્નેટીક સારવાર આપી દે છે. બે વાગ્યે એ બધું કાર્ય પૂર્ણ થાય છે એટલે પૂ. શ્રી પૂ માતાજીને લીલા નાળિયેરનું પાણી પીવડાવે છે. અઢી વાગ્યા પછી પૂ. શ્રી થોડા મુક્ત બને છે, ત્યાંજ ફરી પૂ. માતાજીનો દર્દભર્યો અવાજ સંભળાતાં તેઓ સેવામાં હાજર થઈ જાય છે, કોફી પીવડાવે છે. વળી અર્ધા કલાક પછી મોસંબીનો રસ પીવડાવે છે. પૂ. માતાજી સાથે બાળસહજ વાતો કરવા લાગ્યા. થોડી વાર પછી પૂ. શ્રી પ્રવચન માટે તૈયાર થઇ જાય છે. લગભગ સાડાપાંચ વાગ્યે ભાવનગરના જશોનાથ મંદિરના સંચાલકભાઇ મળવા આવે છે તેમની સાથે વાતચીત પત્યા પછી પૂ માતાજીની ચોક્કસ સંભાળ લઇ, સૂચનો આપીને પૂ. શ્રી પ્રવચન સ્થળે જાય છે.

આજે પ્રવચનમાં સમર્થ રામદાસની; રામાયણનો કાકભૂશંડીજીનો પ્રસંગ છે. તેની સાથે મંત્રજપ ઉપર વિશેષ ભાર પૂ. શ્રી મૂકે છે. પ્રવચનની મધ્યમાં વિષયને અનુરૂપ ભજન ગવડાવવાનું બને છે—જેમાં આજે "જ્યાં લગી આત્મા અંગમાં છે, ત્યાં સુધી હરિ હરિ તું બોલ" એ ભજન મારે ગવડાવવાનું બન્યું. ભજન પછી પૂ. શ્રીએ ઝામ્બીયા-એન્ડોલામાં થયેલો અનુભવ-જેમા ભગવાન દત્તાત્રેયનું દર્શન, તેની વાતો વિષયના અનુસંધાનમાં કરી પ્રવચનના અંતે પૂ. શ્રી ખૂબજ ભાવને સુંદર રીતે ધૂન ગવડાવે છે.

"જય જય દત્તદેવ યોગી , જય જય મહાદેવ યોગી."

પ્રવચન પછી ઉતારા પર આવી પ્રથમ પૂ-માતાજીને મળે છે, નાસ્તો કરાવે છે. પછી અમે બન્ને નાસ્તો લઇએ છીએ. આજે સાંજના નાસ્તામાં પૂ. શ્રી ફક્ત બે કેળાં અને દૂધ જ લે છે. નાસ્તાબાદ પૂ. શ્રી પૂ. માતાજી સાથે સાડા અગ્યાર સુધી



વાત કરે છે. ઈશ્વરની કૃપા છે કે પૂ. શ્રી આટલો બધો શ્રમ વિના આરામે કરે છે છતાં સ્વસ્થ છે. અત્યાર સુધી તો પ્રવચનમાંથી આવે એટલે બોલવામાં પણ શ્રમ પડતો પણ હવે પૂ. માતાજી ખાતર તેઓશ્રી રાતે પણ કલાકો સુધી વાતો કરે છે. ને માતાજીની સર્વપ્રકારે સેવા કરી તેમને પ્રસન્ન રાખવા પૂર્ણ પ્રયત્ન કરે છે. પોતાનો પલંગ પણ તેમણે પૂ. માતાજી પાસે રાખ્યો છે જેથી તેમની બધી રીતે કાળજી રાખી શકાય. હરિ : ૐ.

મા સર્વેશ્વરી

## બારડોલીમાં ધ્યાન—સાધના શિબિર

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે બારડોલીના અગાસી માતાજીના સ્થાનમાં તા. ૧૮ થી ૨૦ માર્ચ, ૧૯૮૮ સુધીની ધ્યાન સાધના શિબિર પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં યોજવામાં આવી છે.

શિબિરાર્થીઓનો ઉતારો તંબુઓમાં રહેશે. પ્રવેશ શુલ્ક રૂ. ૩૦/– છે.

શિબિરમાં જોડાવા ઇચ્છનારે નીચેના સરનામે તા. ૧૫-૩-૮૮ સુધીમાં સંપર્ક સાધવો:–

શ્રી અતુલ કોન્ટ્રેકટર, યોગેશ્વરકૃપા, પુરોહિત ડાઇનીંગ હોલ પાસે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

# ચોથી પુણ્યતિથિએ

–તંત્રી

સને ૧૯૮૪ પછી માર્ચ મહિનો આવે છે ને પરમ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાયની યાદ લેતો આવે છે. કેવી દુઃખદ બની હતી ૧૮મી માર્ચ ૧૯૮૪ની એ સ્મૃતિ!

એક કહેવત છે કે જેનો જન્મ છે, તેનું મરણ પણ છે. જેનું નામ છે તેનો નાશ છે. પરંતુ આ નિયમ સંત મહાત્માઓના કિસ્સાઓમાં યથાર્થ રીતે લાગુ નથી પડતો. તેઓ તો સદા અમર છે. જેઓ એક વાર પ્રભુને પામી ગયા, તેઓ તરી ગયા. તેઓ તારક બની ગયા. બીજા અનેકોને તારનાર થઈ ગયા ને કાળના વીતવા સાથે સામાન્ય સાંસારિક માણસોની સંસ્મૃતિ જેમ ભૂલાતી જાય, તેથી ઉલટું ઈશ્વરદર્શી સંત પુરુષોની સ્મૃતિ વધુ ને વધુ તેજદાર, વ્યાપક ને અસરકારક બનતી રહે છે. કાળચક્ર એના ઉપર કોઈ અસર કરી શકતું નથી. આનાં અનેક ઉદાહરણો આપણા ધર્મશાસ્ત્રોમાં પડેલાં છે. છેક ભક્ત નારદથી માંડી પ્રહ્લાદ, ધ્રુવ ભક્ત નરસિંહ, ને મીરાંબાઈ, અને આજના યુગના સાઈબાબા, ભગવાન સ્વામિનારાયણ, રમણ મહર્ષિ, શ્રી અરવિંદ વગેરે ગણાવી શકાય. મહાત્મા શ્રી યોગેશ્વરજી પણ આ પૈકીના ઈશ્વરદર્શી એક મહાન સંત હતા. કાળના વીતવા સાથે એમની શક્તિ વ્યાપકરૂપે કામ કરતી દેખાઈ રહી છે ને સમય જતાં એ ચિરંજીવ બની રહેશે એમાં કોઈ શંકા નથી.

સંતપુરુષોને મૃત્યુ મારી શકતું નથી. પંચમહાભૂતના પૂતળાનો ભલે કાળ કોળિયો કરી જાય, પરંતુ એમની આત્મિક શક્તિ એટલી બધી બળવત્તર બની ગઈ હોય છે કે બીજા સાંસારિક સામાન્ય જીવોની જેમ એમને કોઈપણ કાર્ય કરવા માટે ભૌતિક શરીરની આવશ્યકતા રહેતી નથી. સૂક્ષ્મ સ્વરૂપે એ ખૂબ વ્યાપકરૂપે પોતાનું કાર્ય કરતા રહે છે. સ્થળ ને કાળનાં કોઈ બંધનો એમને અવરોધક બની શકતાં નથી, ને એટલે જ વત્તા ઓછા પ્રમાણમાં એમના અવસાન બાદ પણ એમનું કાર્ય થતું રહે છે.



કોઈપણ સાચા ઈશ્વરદર્શી સંતપુરુષની મહાનતાનું માપ એમની હયાતી દરમ્યાન કેટલાં માનવટોળાં એમની પાસે આવતાં, કેટલા આશ્રમો મઠો કે શિષ્યોનો સમુદાય એને અનુસરનારો છે, એના પરથી કદી કાઢવા પ્રયત્ન ન કરતા, કારણ કે માનવની મહાનતા માપવાનો સાચો માપદંડ એ નથી. એવું બને કે આવા સંતની પાસે ભલેને કોઈ ન આવતું હોય, તેનો કોઈ આશ્રમ, મઠ કે ધનસંપત્તિ ન હોય, અરે! એની પાછળ ચાલનારો કોઈ એકાદ શિષ્ય પણ ન હોય, છતાં તેનાથી તેમની સાચી મહાનતા જરાય ઘટતી નથી. જે સાચો સંત પોતાના સ્વસ્વરૂપમાં પ્રતિષ્ઠિત હોય છે, તેના મનને સંકલ્પ–વિકલ્પોના ઘોડા ચલાયમાન નથી કરી શકતા. તેનું મન તદ્દન શાંત હોય છે ને પ્રભુ સર્જિત સૃષ્ટિના સર્જનને તે પોતાના અસ્તિત્વથી સંવાદક બનાવતો હોય છે, એમાં ક્યાંય ખલેલ કે અવરોધ પેદા કરતો નથી. એનું પૃથ્વી પર પેદા થવું સાર્થક છે. એનું જીવ્યું સફળ ને સહુને માટે હિતકારી છે.

પરમહંસ શ્રી રામકૃષ્ણદેવને એમના હયાતી કાળમાં કેટલા ઓળખતા! તોતાપુરી કે સ્વામી તેજાનંદને આજે ભલે ઓછા ઓળખતા હોય, પરંતુ એથી એમની મહાનતા સહેજપણ ઓછી થતી નથી.

મહાત્મા શ્રી યોગેશ્વરજી પણ એવા એક વિરલ, અનોખા,

ઈશ્વરદર્શી, આત્મતૃપ્ત સંત હતા. એની પ્રતીતિ કાળક્રમે જગતને થતી રહેશે, એમાં શંકા નથી. કેટકેટલો સદ્‌ગુણોનો મધુસંચય એ મહાપુરુષે પોતાના જીવનમાં કરેલો! એ હંમેશાં સર્વોત્તમતા ને સુંદરતાના ઉપાસક હતા. એટલે જ એ માનવના સર્વોત્તમ ગુણોના પ્રતીકસમા બની ગયા.

સાદાઈ ને સરળતા, નિયમિતતા ને નમ્રતા, વિદ્વત્તા ને વિવેક, વાણી, મન અને શરીરનો અદ્‌ભુત સંયમ, સર્વ રિદ્ધિસિદ્ધિના સ્વામી છતાં સહજરીતે પ્રાપ્ત થતી વસ્તુઓમાં જ સંતોષ; મહામાનવ છતાં માનવસહજ સંવેદનશીલતા, પ્રેમ, છતાં સંપૂર્ણ અનાસક્તિ. એકમાત્ર ઈશ્વર સિવાય કોઇ-પણ ભૌતિક વસ્તુ કે વ્યકિતમાં આસકિત નહિ. કેવું અદ્‌ભુત જીવન!

આધ્યાત્મિક ક્ષેત્રે પણ એમની સિદ્ધિ અનોખી. એ વેદાંતી જ્ઞાની છતાં ભકત, હૃદયથી ખૂબ કોમળ, જીવનમાં કયાંય શુષ્કતા મળે નહિ. હઠયોગીઓની સર્વ પ્રક્રિયા જાણવા છતાં તેનું કદી પ્રદર્શન નહિ; પ્રભુની સાકાર તેમજ નિરાકાર ઉપાસનાના સુભગ સમન્વયને પરિણામે આધ્યાત્મિકતાનો સર્વગ્રાહી દૃષ્ટિકોણ, એક સમન્વયકારી સર્વધર્મો પ્રત્યે સમભાવ ને આદર રાખનાર સંત; એક યોગીનું નિયમબદ્ધ સંતુલિત જીવન છતાં બાહ્ય ત્યાગનો કોઈ આડંબરભર્યો દેખાવ નહિ. ધન કે સંપત્તિનો ત્યાગ કે સંગ્રહ નહિ, પણ વિવેકપૂર્વકનો સ્વીકાર ને સદુપયોગ; બાળ બ્રહ્મચારી છતાં સ્રીઓથી આઘા ભાગવાનું નહિ, મર્યાદાપૂર્વકનો સંયમશીલ સદા વ્યવહાર, જગતની સર્વ સ્રીઓમાં મા જગદંબાનું દર્શન કરવાનો સ્વભાવ. પોતે ભગવું ન પહેર્યાં છતાં ત્યાગી ભગવાધારી સંન્યાસીઓનો આદર; સંસારમાં વસવા છતાં સંસારના દૂષણોથી મુકત-આસકિત કે માયા-મમતા રહિત.



એમનું સર્વ જીવન એટલે આધ્યાત્મિક સાધના માટેના સર્વે માર્ગોનો સમન્વય. એમણે જીવનમાં જ્ઞાન, યોગ, ભકિત અને કર્મ–બધાં વડે એક પ્રભુને જ ભજ્યા.

પ્રભુને પ્રાર્થના–સાચા દિલથી પ્રાર્થના એમની સાધનાનું પ્રધાન અંગ. એમના જીવનમાં પ્રાર્થના એજ સાધના બની રહી–એક સ્વતંત્ર પ્રભુપ્રાપ્તિનું સાધન.

અને આ બધા ઉપરાંત, લેખક, કવિ કે સાહિત્યકાર તરીકેનું એમનું પ્રદાન કદી ભૂલી શકાય એમ નથી. ગુજરાતી ભાષાને પોતાના (સો જેટલા ગ્રંથોના) ચિરંજીવ સાહિત્યથી સમૃદ્ધ કરનાર એ મહામાનવને વર્ષો સુધી લોકો યાદ કરશે, કરતા રહેશે.

એમની વાક્‌છટા સરળ છતાં સંસ્કારી, સરિતાના એકધારા વહેતા પ્રવાહ જેવી, રોચક ને મનભાવન. એને સાંભળતાં કદી મન ધરાય જ નહિ. ગુજરાતી, હિંદી કે અંગ્રેજી ભાષા-ઓમાંનાં એમનાં પ્રવચનો–આત્મિક સાધક માટે પ્રેરક, ઉત્તેજક ને પથપ્રદર્શક છે ને સદાય માટે રહેશે.

એમનો દેશ પ્રેમ કદી સંકુચિત કે કટ્ટર નહિ. સમગ્ર વિશ્વના બંધુભાવનો પોષક છતાં ભારતના રાષ્ટ્રપ્રેમથી ભરેલો.

આજ આપની ચોથી પુણ્યતિથિએ, હે ગુરુદેવ! આપના કેટકેટલા સદ્‌ગુણો, કેટકેટલી વિશેષતાઓ અને સિદ્ધિઓને સંભારું! એ બધી તો એક વિપુલ સાગરસમી છે. એને આલેખવાનું સામર્થ્ય આ નાનકડી લેખનીમાં કયાંથી હોય! એટલે હૃદયમાં ઊભરાતી એ બધી સ્મૃતિઓના સમુદાયમાંથી થોડીકને અર્ઘ્યમાં ભરીને પ્રેમાંજલિ આપનાં શ્રી ચરણોમાં ધરું છું. આપ સ્વીકારજો....એજ પ્રાર્થના.

## અછતનો સામનો કરવા માટે જરૂરી સહકાર અને લોકોનો પુરુષાર્થ

ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારો તો સતત ચોથા વર્ષે અછતની પરિસ્થિતિનો ભોગ બન્યા છે. રાજ્યના કુલ ૧૯માંથી ૧૭ જિલ્લાઓ ૧૮૪ તાલુકાઓમાંથી ૧૬૫ તાલુકાઓ અને કુલ ૧૮, ૧૧૪ ગામડાંઓમાંથી ૧૪,૮૨૯ ગામો અછતની ભીંસમાં સપડાયાં છે. ૨.૧૪ કરોડથી વધુ લોકો અછતના પડકારનો સામનો કરી રહ્યા છે. રાજ્યમાં અત્યારે ૯૨૭૨ રાહતકામો પર ૧૯.૦૨ લાખથી વધુ લોકો રોજી મેળવી રહ્યા છે. ૧ કરોડથી વધુ પશુધન અછતનો ભોગ બન્યું છે.

* મુખ્ય મંત્રીશ્રીના રાહત ફાળામાં ઉદાર હાથે ફાળો આપો *



# પ્રેરણા પરબ

કલ્યાણ

પૂ. શ્રી ની બધીજ પ્રવૃત્તિઓ પૂ માએ જીવંત રાખી છે. સાધકોને આધ્યાત્મિકતાના રંગે રંગી દેતી સાધના શિબિરની કલ્યાણકારક પ્રવૃત્તિ પૂ. મા પણ કરતા રહે છે. પૂ. શ્રીના સાન્નિધ્યમાં યોજાતી શિબિરોમાં પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ભારે પ્રેરણાદાયી અને રસપ્રદ બની રહેતો. પૂ. મા-એ પણ આ શિબિરમાં પહેલીજ વખત પ્રશ્નોત્તરીનો જાહેર કાર્યક્રમ રાખ્યો હતો. પૂ. શ્રીની લાક્ષણિક ઢબે એટલા તો સરસ જવાબો પૂ. માએ આપ્યા કે પૂ. શ્રીની પ્રતિભા જાણે પ્રત્યક્ષ થઈ ગઇ ! પૂ. મા જાણે પૂ. શ્રી જ જોઈલો. લાંબા સમય પછી સાધકોએ પોતાના મનપસંદ કાર્યક્રમનો આનંદ તેના અસલી સ્વરૂપમાં મન ભરીને માણ્યો–એ ઉત્સાહ અને આનંદને તો શાબ્દિક દેહ નહીં આપી શકાય. પરંતુ પ્રેરણાનાં પિયુષ તો જરૂર પામી શકાશે.

પ્રશ્ન ૧–જેમ રામકૃષ્ણ દેવે ફરીથી અવતાર ધારણ કરવાની આગાહી કરીને તે પ્રમાણે પ્રગટ્યા તેમ પૂ. શ્રી ફરીથી અવતાર ધારણ કરશે ખરા ?

પૂ. મા–પૂ. શ્રીને ગુજરાત બહુ ગમતુ, તેમને ઇચ્છા થાય તો જરૂર ગુજરાતમાં પ્રગટે. પરંતુ તેઓને કાર્ય કરવા માટે સ્થૂળ સ્વરૂપની જરૂર નહીં. સૂક્ષ્મ સ્વરૂપે રહીને પણ પ્રકટી શકે છે. જુઓને અમારા જીવનમાં પ્રગટેલા જ છે ને ?

" યોગેશ્વર ભગવાન છૂપાયા સર્વેશ્વરીમાંય " અમારા પ્રયત્નો એવા છે.

પ્રશ્ન ૨–ઉપવાસ દરમ્યાન આપનો યાદગાર પ્રસંગ

જણાવશો ?

પૂ. મા-બે અનુભૂતિના પ્રસંગો વિશેષ યાદગાર રહ્યા છે. પહેલા પ્રસંગમાં પૂ. શ્રીએ સ્થૂળરૂપે પ્રકટીને કપુરામાં પૂ. શ્રી જ્યાં ઉતરતા તે ઘરમાં દર્શન આપ્યા હતા.

બીજો પ્રસંગ-૧૦૮ દિવસના પાણી ઉપરના ઉપવાસના વ્રત સમાપન વખતે હરદ્વાર ગંગામૈયાના સાન્નિધ્યે બન્યો હતો. અમે એક વખત પૂ. શ્રીને પૂછેલું કે મને તમારા જેવા અનુભવો કયારે થશે ? ત્યારે પૂ. શ્રીએ પરમશકિતનો સંદેશ વંચાવ્યો હતો તે આ પ્રમાણે હતો. " ડાહી દીકરી, તારી ઇચ્છા પણ પૂર્ણ થશે."

અમારા વ્રત તપ પ્રભુને અમારામાં પૂર્ણપણે પ્રગટાવવા માટે ચાલી રહ્યાં છે. જ્યારે જ્યારે અમારે ગંગાદર્શન ને હરદ્વાર જવાનું થાય છે ત્યારે અમારુ એવું વ્રત હોય છે કે જ્યાંથી નીકળ્યા હોઇએ ત્યાંથી જ્યાંસુધી ગંગાદર્શન ન થાય ત્યાંસુધી રસ્તામાં પાણી પણ લેવાનું હોતુ નથી. ૧૦૮ દિવસના પાણી ઉપરના વ્રતના પ્રારંભે જ્યારે હરદ્વાર જવાનું થયું ત્યારે સંજોગોવશાત અમારે દિલ્હીમાં વધારે રોકાવાનું બન્યું. નિયમને લીધે અમારે સતત ત્રણ દિવસ પાણી વિનાજ પસાર કરવા પડેલા. મા ગંગાની કૃપાથી તે વ્રત સાંગોપાંગ પાર ઉતરેલું. એ ૧૦૮ દિવસના વ્રતના સમાપન વખતે જ્યારે ગંગાદર્શને જવાનું બન્યું ત્યારે મા ગંગા અને પરમશક્તિની કૃપાથી જે દિવ્યતાનો અનુભવ થયો તે અમારા જીવનની પરમાનંદની ક્ષણ હતી. જ્યારે આર્યનિવાસના ઉતારાના ઓરડામાં પ્રવેશ્યાં ત્યારથી એ દિવ્યશકિતનો સંપર્ક ચાલુ થયો તે ગંગાજીના દર્શને જઈ ગંગાજીના પ્રવાહમાં પગ મૂકયા ત્યારે પણ સતત ચાલુ રહ્યો. સતત સાડાચાર કલાક સુધી એ દિવ્યશકિતનો સંપર્ક અમારા



તપોમય જીવનમાં સિમાચિન્હ બની રહેશે. એ પછી શ્રીમદ્ રાજચંદ્રના દર્શને અગાસ જવાનું બન્યું ત્યારે રાત્રે સ્તુતિ ગાતાં તે દિવ્યશકિતનો સંપર્ક અનુભવ્યો હતો. સમયાંતરે થતો એ પરમશકિતનો સંપર્ક અખંડ અમારા જીવનમાં ઉતરે તે માટે અમારા વ્રત તપ ચાલી રહ્યાં છે. અમને પૂર્ણ શ્રદ્ધા છે કે એ પરમાત્માની પરમ કૃપાને પામીશું જ.

પ્રશ્ન ૩-પૂ. શ્રી તથા આપ સાધના દરમ્યાન લક્ષ્ય પ્રાપ્તિ ન થાય ત્યારે શું મનોમંથન અનુભવતાં ?

પૂ. મા-લક્ષ્ય પ્રાપ્તિ માટે ગમે તે ભોગ આપવા તૈયાર છીએ. નિરાશ ન થવાનો અમારો સંકલ્પ છે. જીવ જ્યાંસુધી શિવને પ્રાપ્ત ન કરે ત્યાંસુધી તપની જરૂર છે. ત્યારપછી પણ તપ તો ચાલુ જ રહેવું જોઇએ. પૂ. શ્રીએ પણ સર્વેશ્વરીની શોધમાં કયારેય નિરાશા અનુભવી ન હતી. અમારો અભિગમ પણ એવો છે કે ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાંસુધી મંડ્યા રહેવું.

પ્રશ્ન ૪-અતૂટ શ્રદ્ધા, અભય, પ્રેમ અને કરૂણા જે આપના જીવનમાં છે તે કેવી રીતે પ્રાપ્ત થાય ?

પૂ. મા-બધુજ પ્રેમમાંથી પ્રાપ્ત થાય છે. એક વખત પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે એટલે શ્રદ્ધા અને અભય સ્વયં પ્રગટી જાય છે. પ્રેમ અને કરૂણા અમારો સહજ સ્વભાવ છે. પ્રભુએ જે ભૂમિકા-અભિનય આપ્યો છે, તેને બરાબર વફાદાર રહેવાનો અમારો પ્રયાસ છે. અમારા જીવનમાંથી પ્રેમ અને કરૂણાની વર્ષા થતી હોય તો તેને ઝીલો, પ્રયત્ન કરો, આત્મસાત કરો.

પ્રશ્ન ૫-ઉપવાસોની પૂર્ણાહૂતિ કરો એવી વિનંતિ છે.

પૂ. મા-પ્રભુની ઇચ્છા હશે ત્યાંસુધી ઉપવાસો ચાલશે. તમારા સૌની લાગણીની અમે કદર કરીએ છીએ. અમારુ ધ્યેય સર્વોપરી છે. પ્રભુકૃપાથી જરૂર પૂર્ણ થશે.

પ્રશ્ન ૬–અમુક માળા નક્કી કરવાનો વિચાર કરીએ ત્યારે માળા કરતાં ગણતરી કરવામાં ધ્યાન જાય છે તો શું કરવું ?

પૂ. મા–ભૂખ લાગે ત્યારે રોટલી ગણવાનો પ્રયત્ન કરતા નથી. એકધારો ખાવાનો આનંદ લૂંટીએ છીએ. તેમ માળા કરો ત્યારે તે ગણવામાં ચિત્ત ન રાખો, પ્રભુસ્મરણમાં મન કેટલું એકાગ્ર થાય છે તેજ ધ્યાન રાખો. મન પર ગણતરીનો ભાર ન રાખો, પ્રભુપ્રેમમાં મગ્ન થઈ મુકત મને માળા કરો. આ માટે સમયનું બંધન રાખો, માળાનું નહીં, અનુકૂળતા મુજબ અડધી કલાક, એક કલાક માળા કરવાનો સંકલ્પ કરો અને તે બરાબર પાળો. અડધી કલાક કરવાની એટલે કરવાનીજ. એમાં છૂટછાટ ન મૂકો. ઢીલાશ બિલ્કુલ ન રાખો.

પ્રશ્ન ૭–પૂ. શ્રીનું સૂક્ષ્મરૂપે સાન્નિધ્ય ને દર્શન જોઈએ તે ઈચ્છા બંધનકારક ન કહેવાય ?

પૂ. મા–ના, નહીં કહેવાય, સાત્ત્વિક ઇચ્છા બંધનકારક બનતી નથી. એમાં કોઇ મલીન સ્વાર્થ નથી. તેથી જે ઇચ્છા સ્વાર્થરહિત છે તે બંધનકારક થતી નથી. પ્રભુકૃપાએ મનુષ્ય-જન્મ પ્રાપ્ત થયો છે તો સત્સંગ કરીએ, નોકરીને જેમ વફાદાર રહીએ છીએ તેમ પ્રભુમય જીવન જીવી, પ્રભુને પણ વફાદાર રહીએ.

પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ એટલો સફળ રહ્યો કે ગુરુદેવ પ્રભુના પુણ્યસ્મરણથી સાધકો ભાવવિભોર બની ગયા. હાસ્યના મર્મર ધ્વનિથી ગુંજતી એ ધીર ગંભીર પ્રેમ મિશ્રિત ગુરુદેવની અલૌકિક વાણી પૂ. મા દ્વારા જાણે પ્રત્યક્ષ બની ગઈ ! સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો.

પૂ. માએ કહ્યું કે પૂ. શ્રીએ જે પાઠ આપ્યો છે તે યોગ્ય રૂપમાં ભજવાઇને રહેશે. પૂ. માના અંતરમાંથી માતૃભાવની સરવાણી સહજ વહી રહી. આજની માતૃવાત્સલ્યની ભરતી



અનેરી હતી, પૂ. મા સહજભાવોને વહાવવામાં કોઈ સંકોચ રાખતાં નથી.

" માત બનીને પૃથ્વીપરે, સર્વેશ્વરી આવે છે હવે
અભિનય એનો ન્યારો છે, પ્રભુને પણ પ્યારો છે.
માની મમતાનો એ તાર, બાંધે છે પ્રભુના દરબાર
શાંતિપ્રદાયક એ છે સાથ, ઉતારે જીવનના ભાર "

માતૃઅંકમાં બેસીને પૂ. માના અંતરમાંથી સહજ વહેતા થયેલા વાત્સલ્યભાવનું અમીપાન પામી સૌ ધન્ય બન્યા. માતૃત્વની શીતળ છાંયમાં બેસવાનો જે અવસર આપ્યો છે. તે માટે ગુરુદેવપ્રભુને સૌ સાધકવૃંદ અંતરથી વંદના કરી રહ્યું. કાર્યક્રમને અંતે શુભેચ્છા પાઠવતાં પૂ. મા કહે–

" જીવનમૂડી વધારજો એજ આશીર્વાદ "
" આજની જિંદગી સોપું, શિરછત્ર ધરો પ્રભુ,
સાષ્ટાંગ નમસ્કાર, કરું છું ચરણે પ્રભુ "

શ્રી યોગેશ્વર કૃપા.
**સંદીપ વેલ્ડીંગ વર્કસ**
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭.

# સુખ

રામુ પારેખ

બુદ્ધિશાળી મનુષ્યથી માંડીને દરેક પ્રાણીને સુખની ઇચ્છા વળગેલી છે. અને આ સુખની વ્યાખ્યા દરેક પાસે પોતાની આગવી છે. કોઇને વિદ્યા પ્રાપ્ત કરીને સુખી થવું છે, કોઇને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને સુખી થવું છે, કોઈને ધન પ્રાપ્ત કરીને સુખી થવું છે, કોઇને દાન કરીને પુણ્ય કમાઇને સુખી થવું છે, કોઇને સૌંદર્ય પ્રાપ્ત કરીને સુખી થવું છે. આમ કંઈક પ્રાપ્ત કરીને અથવા એક યા બીજી ઇચ્છા પૂરી કરવામાં દરેકને પોતપોતાની આગવી સુખની વ્યાખ્યા લાગુ પડે છે. અને જે કંઇ પ્રાપ્ત કરવામાં આવે છે તે આ ભૌતિક જગતમાં સીમિત છે એટલે તેમાંથી પ્રાપ્ત થતું સુખ પણ સીમિત જ રહેવાનું.

વળી જ્યાં આમ કંઇક પ્રાપ્ત કરીને સુખી થવાની વાત છે ત્યાં તેવી ઇચ્છા પરિપૂર્ણ થવા છતાં પણ સુખનો સંતોષ લઇ શકાતો નથી, કારણ કે એક ઇચ્છા જ્યારે પુરી થઇ જાય છે ત્યારે તેજ સમયે બીજી ઇચ્છાનો પણ જન્મ થઇ જાય છે. અને માનવી ફરી પાછો તે ઈચ્છાને પૂર્ણ કરવા કામે લાગી જાય છે. આમ સાપના બચ્ચાંની જેમ ઇચ્છાઓ થતી રહે છે. પરંતુ પેદા થયેલી આ ઇચ્છાઓ પૂર્ણ થતાં બીજા બચ્ચાંને જન્માવે જ છે. તેથી સુખ દૂરને દૂર ઠેલાતું જ જાય છે.

આમ જોતાં ઇચ્છાઓ જ સુખના મૂળમાં બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બીજની માફક જોડાયેલી રહી છે. હવે પ્રશ્ન થશે કે જો આ ઈચ્છાઓ ન હોય તો સુખનો પ્રશ્ન હલ થઇ શકશે ? પણ ઈચ્છા વગરનું જીવન ન રહેતાં અવાવર વાવ જ



બની જાય તો પ્રશ્ન થશે કે શું આ ઇચ્છાઓ ન કરવી ? અને ઇચ્છાઓ ન કરવાથી શું જીવન અટકી જશે ? તો તેના ઉત્તરમાં જણાશે કે તમે ઇચ્છા કરો કે ન કરો છતાં જીવન તો પસાર થતું જ રહે છે અને હાનિલાભ પણ થતાં રહે છે. પરંતુ તેમાં ઇચ્છાને મિલાવી દેતાં જાણી જોઇને દુઃખને નોતરવામાં આવે છે. તેથી ઇચ્છા દ્વારા મનની ઉત્પત્તિ જ કારણરૂપ છે. કહ્યુ છે કે–

सुखम् च दुःखम् एव मनस्य कारणम्

તો ઇચ્છા રાખીને જ આપણે સુઃખને દુઃખમાં પલટાવી નાંખીએ છીએ. સુખ તે આપણને સુખ એટલા માટે લાગે છે કે તે ક્ષણિક છે ને તેને અડીને જ દુઃખ ઊભું છે. જો તે ટકી રહે સદાને માટે તો ફરી પાછું દુઃખમાં જ પલટાઈ જાય. બાળપણ સદાને માટે ટકી રહે તો કોને ગમે ? યુવાની સદાની માફક ટકી રહે તો પણ કંટાળાજનક લાગે. તેવું જ બધી ઇન્દ્રિય ભોગ્ય વસ્તુઓ એવીને એવી બની રહે તો તે મનને જરૂર ઉબાવી નાંખશે. તેથી તે ટકી ન રહે તેમાં જ પોતાની સંમતિ મેળવી દેવામાં આવે તો દુઃખનો પ્રશ્ન ઊભો જ ન થાય. સંસાર પરિવર્તનશીલ છે તે માની લેવાનું જ છે. ન માનો તો પણ પરિવર્તન તો ચાલુ જ રહેશે. તો પછી માન્યતા બદલીને સુખી કેમ ન થવું ? જે કંઈ આવે છે તે જરૂર જાય છે અને જે જાય છે તેમાં જ તેની મજા રહેલી છે. ઘરમાં આજ સુધીમાં બધી જ પેઢીનાં સભ્યો જો ટકી રહ્યાં હોય તો તે ઘરમાં કે ગામમાં જગ્યા જ ન રહેત.

આમ જોતાં સુખ કોઈ વસ્તુ કે પરિસ્થિતિમાં નથી હોતું પણ આપણા મનની આસકિત જ હોય છે. વસ્તુ ને પરિસ્થિતિ તો આવે અને જાય છે. દરેકે દરેક વસ્તુ એક એક ક્ષણે નહીં તરફ જઈ રહી છે તે વાસ્તવિકતાને સ્વીકારવી તેનું

નામ જ સુખ છે.

અને તેથી જે કોઇ સંયોગજન્ય સુખ આપનાર વસ્તુ કે પરિસ્થિતિઓ છે તેને વિયોગજન્ય માની લેવી. અને તે દ્વારા બીજાને સુખ આપતાં જ આપોઆપ સુખ આપનાર વ્યક્તિમાં છલકાઈ ઉઠશે અને તે સુખ ટકાઉ અને કાયમી રહેશે.

તમે તમારી પાસે જે હોય તે જ બીજાને આપી શકો છો. તો આપણે પોતે જ સુખસ્વરૂપ છીએ અને તે સુખ-સ્વરૂપ એવું છે કે બીજાને સુખ આપવાની તત્પરતા-હોશ માત્રમાં જ તમારામાં સુખસ્વરૂપનો સૂર્ય વાદળોથી મુક્ત થઈને સોળે કળાએ ખીલી ઉઠશે.

चेतन अमल सहज सुख राशी.

પરંતુ આપણે પોતાના નિજ સુખથી વિમુખ થઇને જ દુ:ખને પ્રાપ્ત થઇએ છીએ. સાંસારિક સુખથી વિમુખ થઇને પોતાના સુખમય સ્વરૂપમાં સ્થિત થઈ જતાં જ સુખને પ્રાપ્ત થવાય છે. કારણ કે સાંસારિક સુખ પહેલાં પણ ન હતું અને પછી પણ રહેવાનું નથી. માત્ર વચલી સ્થિતિ છે. અને વચલી સ્થિતિ એક કલ્પના માત્ર છે. તે કલ્પના મનની છે જે માન્યતા બદલાતાં જ નીકળી જાય છે. જેવી રીતે માની લેવાનું આપણા હાથની વાત છે તેવી રીતે જ માન્યતા બદલવાનું પણ આપણા પોતાના હાથે જ શકય બને.

તેથી આ નાશવાન સુખના વશમાં રહેવું તે આત્મહત્યા કરવા બરાબર છે. આમ સુખસ્વરૂપ હોવા છતાં બહારનું સુખ લેવા જતાં જ દુ:ખી થવાય છે. અને બીજાને માટે ત્યાગની ભાવના કેળવતાં સુખી થવાય છે. અને તે જ સાચુ નિત્ય સુખ છે. ત્યાગની ભાવનાથી દેહાધ્યાસ છૂટશે. કર્મયોગ, ધ્યાન કે ભકિતયોગ તથા જ્ઞાનયોગ દ્વારા પણ દેહાધ્યાસને

( પૃષ્ઠ ૪૩ ઉપર )



# સંતનો પ્રસાદ

મહેન્દ્ર ઈ. પંડયા

'પ્રસાદ' શબ્દ સાંભળતાં જ બાળપણ યાદ આવી જાય છે. એ સમયની નિર્દોષ બાલ્યાવસ્થામાં પ્રસાદ એ અમારી શ્રદ્ધાનું પ્રતિક હતો. સવારના દેવપૂજા પછી દાદાજી ચપટી ખાંડ આપે કે સાંજે અંબામાતાના મંદિરમાંથી ચાર કકડા ટોપરૂં આપે પણ એનું વસ્તુ કરતાં પ્રસાદ તરીકે મહત્વ રહેતું અને એ પ્રસાદની બાલસુલભ ઉત્કંઠાથી અમે રાહ જોતાં એ સંસ્મરણો તાજાં થાય છે. એ પ્રસાદ એટલે દેવ-દેવીની કૃપાદષ્ટિ. આજે પણ મિત્રો કે સંબંધીઓમાંથી કોઇ તીર્થસ્થાનની યાત્રાએથી પાછાં આવે એટલે "પ્રસાદ તો મોકલશે જ" એવી આશા તો રહેજ, પછી એ ડાકોરનો મગજનો લાડુ હોય કે મથુરાંનો ઠોર હોય કે બીજા કોઈ દેવસ્થાનના સાકરીઆ કે ધાણીચણા હોય, પણ આજે પણ એ જૂના સંસ્કારોથી એ પ્રસાદ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન કરતાં હોઇએ એ ભાવનાથીજ આરોગીએ છીએ. આમ તો આ જીંદગી એ પણ પરમાત્માનો પ્રસાદ જ છે. જે વ્યકિત એ ભાવનાથી જીવનની સમ-વિષમ પરિસ્થિતિનો સ્વીકાર કરે છે, પરમાત્મા પર અચળ શ્રદ્ધા રાખી જીવનમાં પોતાની સમક્ષ આવેલા કર્તવ્યને નિષ્ઠાપૂર્વક પાર પાડે છે, તેને માટે તો જીવનની પ્રત્યેક પળમાં પ્રભુના પ્રસાદની મીઠાશ જ ભરી છે, અને તેને સંસારના આધિ, વ્યાધિ, ઉપાધિ સંતાપી શકતા નથી. સામાન્ય સંસારી માનવીમાં એ શ્રદ્ધાનો, એ નિષ્ઠાનો અભાવ હોય છે, અને એને જીવનનું સમ્યક્-દર્શન પ્રાપ્ત થતું નથી. તેથી જ એ સંસારની ભૌતિક સમૃદ્ધિની પાછળ

દોડે છે, એની નિષ્ફળતાથી એ વ્યથા અનુભવે છે, અને આશા-નિરાશા, રાગ-દ્વેષ, સુખ-દુઃખ વ. દ્વંદ્વોમાં ફસાઇને જીવનરૂપી પ્રભુના પ્રસાદની મધુરતા માણી શકતો નથી. તત્ત્વજ્ઞાની આત્માઓ-સંતો માટે જ્ઞાન, ભક્તિ તથા પ્રભુ-શ્રદ્ધા દ્વારા આ માનસિક તટસ્થતા હસ્તામલકવત્ અને એથીજ આવી મહાન વ્યક્તિઓ સંસારનાં દ્વંદ્વોથી મુક્ત રહી જીવનની મધુરતા માણે છે. એમને માટે સંસાર ખારો સાગર નથી, અમૃત સરોવર છે. જીવન એ કંટાળાભર્યો પ્રવાસ નથી, આનંદમય યાત્રા છે. શ્રી યોગેશ્વરજી આ પ્રકારની વ્યક્તિ હતા. એમણે આ પ્રસાદની મધુરતા માત્ર પોતે જ માણી નથી, પરંતુ પોતાની આંતરઅનુભૂતિઓને-એ મધુર ભાવોને કાવ્યોમાં ગુંથીને અન્યને પણ આ માધુર્યની લ્હાણી કરી છે.

'પ્રસાદ' કાવ્યસંગ્રહમાંના કાવ્યો આત્મલક્ષી ઊર્મિકાવ્યો છે. એ સર્વ કાવ્યોમાં કેન્દ્રમાં તો કવિ પોતેજ છે. એ સર્વ કાવ્યો કાંતો પોતાની જાતને ઉદ્દેશીને અથવા તો પ્રભુને કે પ્રિયતમને સંબોધીને લખાયેલાં છે. પ્રિયતમ પ્રભુ પ્રત્યેનાં કાવ્યોમાં પ્રેમની જે ઉત્કટતા અને ઝંખના છે તે મીરાંબાઇના પદોની યાદ આવે છે, એ પ્રકારની ઉત્કટતામાં કવિ પોતાની જાતને 'પાગલ' તરીકે વર્ણવે છે, અને એ પ્રેમના સંસારના વ્યવહારૂ પ્રેમથી વિશિષ્ટ એવા ભાવફલક પર વિહાર કરે છે. એના દૃષ્ટાંત તરીકે 'પ્રીતપુરાણી', (પૃ. ૧) કાવ્યની અંતિમ પંક્તિઓ જોઇએ—

"જનમ જનમ હો પ્રીત અનેરી,
મન લો મધુને મંગલ માણી;
'પાગલ' અર્ઘ્ય ધરૂં અંતરનો,
સ્વર્ગ, વિભવ અને મુક્તિ માની."



કવિને મન આ પુરાણી પ્રીતમાં સર્વસ્વની પ્રાપ્તિની સાર્થકતા છે, સ્વર્ગનાં સુખો અને વૈભવ છે અને સાથે સાથે મુક્તિ-મોક્ષ પણ છે. સમગ્ર કાવ્યસંગ્રહમાં વ્યક્ત થતી ભાવનાઓનો સંકેત આ પ્રથમ કાવ્યમાંથી જ મળી રહે છે. એ પ્રેમના અભાવમાં કવિને જીવનની વ્યર્થતાનું ભાન થાય છે એ ભાવ વ્યક્ત થાય છે 'શું કરૂં' (પૃ. ૩૩)માં નીચેની પંક્તિઓમાં—

"જે અંતરમાં તમે વસો ના, એ અંતરની કીમત શી ?
રક્તમહીં રણકાર કરો ના, એ જીવનની કીમત શી ?"

"તમારા વિણ સાર કૈં જીવનમહીં લાગે નહીં,
ધન્યતાને વર્ષતી વીણા કદી વાગે નહીં."
(તમારા વિના પૃ. ૩૬)

તમારા જ સાગરથી મારૂં
જીવન બન્યું રસેશ,
વરસું એજ નિરંતર જગમાં
એમ કરૂં અભિષેક"
(અમીરસ પૃ. ૫૮)

આ અસીમ વ્યાપક પ્રેમની સામે કવિને સર્વ કર્મકાંડ અને યોગની સર્વ ક્રિયાઓ નિરર્થક લાગે છે, એ "સમાધિ શું કરવી ?" (પૃ. ૯૫) એ કાવ્યમાં કવિ દર્શાવે છે, પ્રભુને પામવા માટે માત્ર નિસ્વાર્થ પ્રેમ અને સર્વ સમર્પણની જ આવશ્યકતા છે. બીજી બધી ક્રિયાવિધિઓના સાધન કરતાં એમાં મહત્ત્વ તો પ્રભુની સાથે એકાત્મતા સાધવાની વૃત્તિનું જ છે, પરંતુ એ ભાવના-ભક્તિના વર્ણનમાં તાદૃશતા લાવવા માટે કવિ ઉપયોગ તો સાંસારિક પરિભાષાનો જ કરે છે-

"નયન નયનમાં મળે પછીથી ચિંતા શી કરવી ?
આલિંગનમાં એક થવાયે તપસ્યા શી કરવી ?
રૂપ તમારૂં નીરખું નિશદિન, મૂર્તિ નિત્ય નવી;
'પાગલ' પરવા સાધનની ના, થયો કૃતજ્ઞ કવિ
મારે સમાધિ શું કરવી ?

કવિના કેટલાય ઉદ્દગારોમાં વ્રજની ગોપીઓ, રાધા કે મીરાંની ભક્તિનું પ્રતિબિંબ દેખાય છે, જેમાં પ્રેમની મસ્તી છે, અંતરનો અભેદ છે, વિરહની વેદના છે.

"પાગલ હું તો થયો છું આજે ગાતાં ગાતાં છંદ,
મસ્ત પ્રાણ મારો હાસે છે પ્રકટ્યો જેમ મયંક
(રંગ–પૃ. ૧૦૯)

"કરીએ બે બની લીલા છતાંયે મૂળ તો એકજ;
તમે મારાં અને હું, હું કેવળ, તમે કેવળ છું."
(પ્રશ્ન પૃ. ૧૩૩)

"રીત પ્રીતની પવિત્ર એવી બની રધિકાશ્યામ,
શ્યામ બન્યા રાધામય રટતાં રસભીનીનું નામ"
(રાધાકરે પૃ. ૧૩૬)

રાધા અને શ્યામના પ્રતીકદ્વારા કવિ પોતાની અંતરાવસ્થાનુંજ દર્શન કરાવે છે. રાધાકૃષ્ણના અમર પ્રેમનું કવિએ આ કાવ્યમાં આલંબન લીધું છે, જે દ્વારા આત્માનું ઐકય ઉત્કટ પ્રભુ પ્રેમ અને વિરહની તીવ્રતાનું દર્શન થાય છે.

કોઇકોઇ કાવ્યમાં કવિ પોતાની જાતને કે પ્રભુ-પ્રિયતમને સંબોધન કરવાને બદલે કવિને, સાધકને, શિકારીને વગેરે અન્ય પાત્રને સંબોધન કરે છે, પરંતુ વાસ્તવમાં આ સર્વ વ્યક્તિ કે પાત્રનો તો કવિ માત્ર આધાર જ લે છે. કવિની



આ અન્યોકિતઓમાં પણ સ્વગતોકિત જ છે, અને એ કાવ્યોમાં જે ભાવ પ્રકટ થાય છે, તેના કેન્દ્રમાં તો કવિ સ્વયંજ હોય છે, 'કવિને' (પૃ. ૫)માં કવિ સમાજના એક અંગ–નાગરિક તરીકેની સમાજ પ્રત્યેની–પોતાના સહબાંધવો પ્રત્યેની પ્રતિબદ્ધતા જ વ્યક્ત કરે છે. કવિનું હૃદય માત્ર પ્રેમની ઝંખનાથી જ ઝંકૃત નથી થતું. સમાજના–સંસારના–રાષ્ટ્રનાં સંઘર્ષ–દુઃખ દર્દ-વ્યથા–વેદના-વિષમતાઓનો પ્રતિઘોષ પણ કવિના અંતરમાં પડે છે, અને કવિના દિલમાંથી કરૂણા–સહાનુભૂતિના ધોધ વહે છે. આ કાવ્ય સ્વ. કવિ ઝવેરચંદ મેઘાણીની પ્રસિદ્ધ કાવ્ય પંક્તિઓ–"ત્યારે હાય રે! હાય, કવિ! તને પૃથ્વી ને પાણી તણાં શેણે ગીત ગમે ?" ની યાદ આવે છે. સમગ્ર કાવ્ય ઘણુંજ હૃદયસ્પર્શી અને અનુંકપાસભર છે. એમાંની થોડી પંક્તિઓ જોઇએઃ–

"રડતાનાં નથી હજી આસું ખૂટ્યાં,
નથી સાજાં થયાં વળી હૈયાં તૂટ્યાં;
ભૂખ, દર્દ, કુસંપ ને યુદ્ધતણી
વિકરાળ વધે જાય જ્વાલાતણી,
કવિ, કામની ત્યારે કરી કવિતા
જગને નવજીવનનું સુખ દે."

એક બાજુ કવિને યુગધર્મનો આદેશ આપતા કવિ પોતાની કલમદ્વારા વિશ્વના નિઃસહાય પીડિતોના મનમાં નવીન હિંમતનું સીંચન કરે છે, 'કવિતાના બોલ'ના બીજા કાવ્યદ્વારા (પૃ. ૯). સંસારના સંઘર્ષો સામે ઝઝુમવાનું બળ પેદા કરવાના કવિ કર્તવ્યનો આદેશ આપે છે.

"કલમ ઉપાડે ત્યારે કરજે વિચાર એવો તું,
કરોડને જીવન દેવાનું બલ એમાંજ રહ્યું;"

મહાત્મા ગાંધીજીની વિચારસરણીની શ્રી યોગેશ્વરજી પર ઘણી અસર હતી. તેઓ ગાંધીજીના ભકત હતા અને એમણે 'ગાંધીગૌરવ' નામનું એક મહા કાવ્ય પણ લખેલું છે. ગાંધીજીના વિશાળ વિશ્વપ્રેમનું ગાન તથા તેમની વિચારધારા શ્રી યોગેશ્વરજીનાં ઘણાં કાવ્યોમાં પ્રતિબિંબત થએલા છે. ઉપરનું સમગ્ર કાવ્ય ગાંધીયુગની કવિતાની ભાવનાઓથી સભર છે, અને ત્યાંજ કવિનું ભાવવિશ્વ માત્ર લાગણીની સંવેદના કે કલ્પનાના વિહારમાં રમમાણ રહેવાને બદલે વિશ્વની વાસ્તવિકતાઓથી સભાન બને છે, સમાજ સાથે સમસંવેદનની અનુભૂતિ કરતાં કવિ ભકત કે પ્રેમી મટી ગાંધીયુગના સેવા અને સંઘર્ષને વરેલા સત્યાગ્રહી તરીકે દર્શન દે છે. આ જ વિશ્વ માંગલ્યની ભાવના "કવિજનને ( પૃ. ૧૩ ) માં પ્રતિબિંબિત થએલી છે. સમગ્ર કાવ્યમાં વણાયેલી આ ભાવનાઓવાળા કાવ્યની આરંભની પંકિતઓમાં કવિને કરાયેલું ઉદ્‌બોધન સચોટ અને વેધક છે—

"મનુકુલનું મંગલ કરનારી
કવિતા હે કવિ ! ગાજે
જગતતણા ક્રંદન હરનારી
સુરાવલિ ગા આજે"

આ કાવ્યની અંતિમ પંકિતઓ પણ કવિકર્મ અને કવિના યુગધર્મની એને યાદ આપે છે.

"કલમ કલંકિત થાય ના જોજે
માનવ ના ભરમાયે;
પાવન પ્રકાશ દે, પ્રાણ બને,
કવિતા તો ના લાજે-મનુકુળનું."



આજ પ્રમાણે 'જીવતા દેવને' (પૃ. ૨૮) કાવ્યમાં કવિની માનવજીવન પ્રત્યેની અનુકંપા તથા સમાજ પ્રત્યેના કર્તવ્યના દર્શનમાં ગાંધીયુગની 'માનવસેવા એજ પ્રભુસેવા' નો મંત્ર ગૂંજી રહે છે. કાવ્ય સંપૂટમાંના ઊર્મિકાવ્યોમાંના પ્રેમી અને વિરહી કવિ લાગણીઓની ઋજુતા અને ભીનાશ વિસારી દઈને વાસ્તવિકતાની કઠીન ધરતી પર પગલાં પાડે છે. અને જગતના માનવીઓને જીવનસંઘર્ષમાં ઝઝુમવામાં સહાય કરવાની કવિને હાકલ કરે છે. 'દેવ'ની નવીજ વ્યાખ્યા કરે છે.

"મંદિર, મસ્જીદ, ગુરુદ્વારામાં
શાંતિ લેવાને ભલે જાઓ,
દેહના મંદિરે દેવ વિરાજ્યા
તેના યે ગીતડાં ગાઓ.
ઓ ભાઈ ! જીવતા દેવને સેવો"
(-જીવતા દેવને પૃ. ૨૮)

આ કાવ્યોમાંની નિર્વ્યાજ સરળતા, અને સીધું નિખાલસ ઉદ્‌બોધન એ ગાંધીયુગના કાવ્ય જગતની વિશિષ્ટતા છે, ગાંધીયુગની કવિતાનું મુખ્ય લક્ષણ છે.

શ્રી યોગેશ્વરજી કવિ છે, ભકત છે, એ બંનેના સમન્વયસમા સંત છે, અને એથીજ એ સમન્વયમાં પોતાનું સદ્‌ભાગ્ય નીચેની પંકિતઓમાં વર્ણવે છે, કવિ હૃદયની ઋજુતા સાથે ભકતના અંતરની સર્વ સમર્પણ અને પવિત્રતાની ભાવનાઓનું સંમિલન એ વ્યકિતની માનસિક ઉન્નતિનું દર્શક છે, અને એટલે જ એ વ્યકિતનું સદ્‌ભાગ્ય છે. કવિ એને અમુલખ ઐશ્વર્ય તરીકે ગણે છે.

" કવિની સાથે હોય ભકતનું હૃદય જરીય ભળ્યું;
ગાવી કેમ મહત્તા, અમુલખ એ ઐશ્વર્ય મળ્યું ! "
( કવિનું હૃદય પૃ. ૪૧)

સાધના એ એમના જીવનનું વ્યાપક લક્ષણ છે, અને એમના વ્યકિતત્વનો વિશિષ્ટ અંશ છે, સાધના દ્વારા જીવનના પરમ ધ્યેયને શાંતિને પ્રાપ્ત કરવાની એમની વૃત્તિનું સૂચક 'સાધકને' કાવ્ય છે. એમાં માનવીને દેવત્વ તરફ પ્રગતિ કરવાનું માર્ગદર્શન છે.

" પાગલ જેમ જ રમજે કેવલ
પ્રભુને દિવ્ય ઉછંગ;
અશાંત શાંત કરી દેજે સૌ
ચરણે વૃત્તિ વિહંગ–સાધક૦ "
( સાધકને પૃ. ૧૭ )

માનવ જીવનમાં સૌથી વ્યાપક વ્યથા હોય તો તે માનસિક અશાંતિની છે. સંસારનો સૌથી સુખી મનુષ્ય પણ જીવનમાં ઘણીવાર અશાંતિનો અનુભવ કરે છે. સમૃદ્ધિ અને ભૌતિક સુખસગવડો એને શાંતિ નથી આપી શકતાં. પશ્ચિમના દેશોની પ્રજાઓ પાસે સર્વ પ્રકારની ભૌતિક સમૃદ્ધિ અને સુખસગવડો હોવા છતાં એથી સંતોષ ના થતાં માનસિક શાંતિ માટે ભારતના યોગી અને સંતો પાસે માર્ગદર્શન માટે સહાય માગે છે, એ આધુનિક જીવનની કરૂણતા છે. માનવીની ભૌતિક અને વિજ્ઞાનની પ્રગતિમાં માનવ જીવનની સંતૃપ્તિ નથી એ આજનું સત્ય છે, અને એટલે જ જીવનમાં પરમશાંતિ ઝંખતા માનવને સાધક બનીને પ્રભુને ખોળે પોતાની જાતને સમર્પવાની આવશ્યકતા છે, અને એ માર્ગેજ એને જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય છે. પરમાત્માને ચરણે સર્વસમર્પણ એ જ સાચી



સાધના છે, અને એ દ્વારાજ માનવી જીવન સાફલ્યનો અનુભવ કરે છે. સાધનામાં મનની સરળતા, નિખાલસતા અને નિર્દંભ આપોઆપ જ આવી મળે છે. અને એથી જ જીવન-સંઘર્ષમાં વિજય પ્રાપ્ત થાય છે, જીંદગીનો જંગ જીતી શકાય છે. જીવનમાં દંભ સાથે સાધના શકય જ નથી. સરળહૃદયી સંતોજ આ રીતે સંસારને જીતીને જીવનમાં શાંતિ મેળવવા સંસારીઓને માર્ગદર્શન આપી શકે છે.

" અંદર બહાર બંને એક જે કરે પ્રભુ સાથે પ્રેમ,
જીતે છે જીંદગીનો જંગ તે કરી લે છે ને ક્ષેમ.
( દાંભિકને પૃ. ૪૩ )

'પ્રસાદ'નાં આ ભકિતસભર ઊર્મિકાવ્યોમાં શ્રી યોગેશ્વરજીના સંત તરીકેના વ્યક્તિત્વનું દર્શન થાય છે. એમને જીવનમાં એમની સાધના અને તપસ્યામાં પ્રભુના પ્રસાદરૂપે જે નવનીત પ્રાપ્ત થયું છે, અને તેમાં અંતરની નિખાલસતા, સેવા, સમર્પણ, સંસારની વિષયતાઓનો સામનો કરવાનું માર્ગદર્શન મળ્યું છે. તેનું એમણે સરળ અને પ્રાસાદિક ભાષામાં આ કાવ્ય સંપૂટમાં ગાન કરેલું છે, એ સર્વ માત્ર સાહિત્યમાં જ નહિ, જીવનમાં પણ અણમોલ છે, એમાં ભકતના સમર્પણ અને કવિના દર્શનનો સુંદર સુમેળ છે.

૯/અંકુર એપાર્ટમેન્ટ ૬૩–૬૪, વિશ્વાસ કોલોની,
જેતલપુર રોડ, વડોદરા–૩૯૦ ૦૦૫

# પશુ-પરિષદ

અ. ના. શેઠ-સુરત

લેખક લખે છે કે એકવાર જંગલમાં પશુઓની પરિષદ ભરાઈ. માણસોના અધિવેશન ઘણી જગાએ ભરાતાં હોય છે એનું જોઈને જંગલના જાનવરોને પણ મન થયું કે આપણે પણ એક આપણી પશુ પરિષદ ભરીએ. એની જાહેરાત કરવાનું કામ વાંદરાભાઈને સોંપાયું. વાંદરાઓ આખા જંગલમાં કુદા કુદ કરીને જાહેર કરી આવ્યા કે અમુક દિવસે, અમુક તારીખે અને અમુક જગ્યાએ આપણી જનાવરોની પરિષદ એક મહત્ત્વના કામ માટે મળી રહી છે, માટે સહુ કોઇ આવજો. તે મુજબ પરિષદ ભેગી થઇ. જાત જાતનાં જાનવરો આ પરિષદમાં ભાગ લેવા આવ્યાં હતાં. હવે પ્રમુખ કોને બનાવવા તે માટે સિંહની પસંદગી થઈ. પ્રમુખ સ્થાનેથી સિંહે દરખાસ્ત મૂકી કે તમો સર્વએ એક મહત્ત્વનો વિચાર કરવાનો છે અને તે એ કે આપણે આ પૃથ્વી પર જેમ જીવીએ છીએ તેમ બીજું એક પ્રાણી જીવન જીવી રહ્યું છે, જેને માનવ કહેવામાં આવે છે, તે ઘણા અંશે આપણા જેવું જ છે. થોડો ઘણો ફરક આવે છે. જેમકે આપણે જંગલમાં રહીએ છીએ. એઓ શહેરોમાં અને ગામડામાં રહે છે. આપણે ગુફાઓ કે વૃક્ષો પર રહીએ છીએ, જ્યારે એ લોકો મકાનમાં રહે છે. સામાન્ય ફરક છે. પરંતુ મહત્ત્વની વાત સંસ્કારો અને પ્રવૃત્તિઓની એ બંને રીતે વિચારીએ તો એ માનવ પ્રાણી આપણને ઘણું મળતું આવે છે. તેથી એમને વિખૂટાં રખાય નહિ. આપણે આપણી ન્યાતમાં ભેળવી લેવાં જોઈએ અને તે માટેનો નિર્ણય કરી એક ઠરાવ કરવાનો



છે પરંતુ એ ઠરાવની સાથેનો બીજો અવાંતર ઠરાવ એ છે કે આપણી પશુ જ્ઞાતિમાં ભેળવ્યા બાદ આપણે એને કયા કુટુંબમાં ભેળવવું ? તે અંગે પણ આપણે નિર્ણય કરવાનો છે. તો એ અંગે મિત્રો તમે સહુ તમારી દરખાસ્તો યોગ્ય રીતે મૂકી શકો છો અને પોતાના વિચારો રજુ કરી શકો છો. પછી એ દરખાસ્તો પર વિચાર કરી યોગ્ય ઠરાવ કરવામાં આવશે.

વાઘની રજુઆત-પ્રમુખ સાહેબ, માનવ જાતને હું અમારી વાઘની જાતિમાં ભેળવવા વિનંતિ કરૂં છું કારણ કે અમારી સાથે તેના સંસ્કારો મળતા આવે છે. અમે જેમ વિકરાળ છીએ, છંછેડાઇને કોઇને ફાડી ખાઈએ છીએ, અમે લોહી તરસ્યા ગણાઇએ છીએ તેમ માનવ પ્રાણી પણ વિકરાળ છે, છંછેડાય છે ત્યારે બીજાને ફાડીને ખાય છે અને અમારાથી સવાયું લોહી તરસ્યું છે. માટે અમારા કુટુંબમાં ભેળવવાની વિનંતિ કરૂં છું.

શિયાળની રજુઆત-વાઘે જે વાત મૂકી તે યોગ્ય નથી. માનવને અમારાં કુટુંબમાં ભેળવવા જોઈએ. અમને એ લોકો લુચ્ચુ પ્રાણી ગણે છે. પરંતુ અમારાથીયે એ ચડી જાય એવું લુચ્ચુ મનુષ્ય પ્રાણી છે. સગાબાપ સાથેપણ દગો. સગા-ભાઈ સાથે છેતરપીંડી, સગી પત્નિ સાથે બનાવટ કરતાં ખંચકાતું નથી. માટે શિયાળકુટુંબમાં ભેળવો.

સાપની દરખાસ્ત-પ્રમુખ સાહેબ, વાઘ અને શિયાળની દરખાસ્ત યોગ્ય નથી. જેમ અમે છંછેડાયીએ છીએ અને ડંખ મારીયે છીએ તેમ આ માનવ જાત છંછેડાય છે ત્યારે ફુંફાડા મારતા વાર લાગતી નથી. અમને દાઢમાં ઝેર છે. પરંતુ માનવમાં તો અંગે અંગે ઝેર હોય છે. દાઢમાં, વાણીમાં, આંખમાં પણ ઝેર એટલે અત્યંત ઝેરીલું પ્રાણી છે. માટે

અમારા કુટુંબમાં ભેળવો.

ગધેડાની રજુઆત–ઉપરના કોઇની વાત સ્વીકારાય એમ નથી, કારણ અમે લોકો જેમ લાતંલાત કરીએ છીએ તેમ માનવો પણ અમારી પાસેથી લાતંલાત શીખી ગયા છે. આજે સાહેબ હું પરિષદમાં આવવા નીકળ્યો ત્યારે રસ્તામાં એક શેરીમાં એક મકાન પાસેથી પસાર થતો હતો. મકાનમાં અંદર કોઈ બાપ પોતાનો છોકરો પરીક્ષામાં નાપાસ થયો હતો. તેને કહેતો હતો કે તારી પાછળ આટલી મહેનત કરી, પૈસા ખરચ્યા, તું નાલાયક નીકળ્યો, સાવ ગધેડો છે ગધેડો. માનવને ગધેડા થવાનું મંજુર છે તો અમારા કુટુંબમાં ભેળવો. પછી પ્રમુખ સિંહે બધાને પૂછ્યું હવે કોઇને કાંઇ વાત રજુ કરવી છે.

ઘેટાંની દરખાસ્ત–સાહેબ અમારા અને માનવના સંસ્કાર એક સરખા છે. અમારો જેમ ગાડરિયો પ્રવાહ ચાલે છે. એક ઘેટું નીચું ઘાલીને ચાલે એટલે બીજા પણ તે મુજબ જ પાછળ પાછળ ચાલે. આવું માનવોને ત્યાં ચાલે છે. ઘેટાં શાહીમાં માનવ જીવી રહ્યો છે. એક જણાએ જેમ કર્યું તેમ બીજો કરશે તે મુજબ ત્રીજો ચોથો કરશે. કોઇ વિચાર નહિ કરે કે આવું અનુકરણ કરવાથી મને લાભ છે કે નુકશાન ! તેથી આંધળું અનુકરણ કરવાની બાબતમાં માનવો બીલકુલ અમારી જેમ વર્તે છે. માટે અમારા કુટુંબમાં ભેળવો. થોડી વાર શાંતિ રહી પછી પ્રમુખ સિંહે પૃછ્યું હવે કોઇને કાંઇ કહેવું છે ?

કુતરાની રજુઆત–સાહેબ આ બધામાંથી એકેયની વાત મંજુર થાય એમ નથી. ઉપરના બધા પ્રાણીઓની વાત સાચી છે, છતાં માનવના સંસ્કાર અને અમારા એક સરખા-જ છે. અમે જ્યારે ટોળામાં હોઇએ છીએ ત્યારે બહાદુરી



મારીએ છીએ. અને એકલા પડી જઇએ છીએ ત્યારે પૂંછડી દબાવીને ભાગી જઇએ છીએ. એમ માનવ જાત ટોળામાં હોય છે ત્યારે વટ અને દમ મારે છે અને એકલો હોય અને દંડો ખાવાનો આવે કે તુરત જ ભાગી જાય છે. બીજું સાહેબ અમે રોટલો પડે કે તુરત કેમ હડપ કરી જવો કે જેથી બીજો કુતરો આવે તે પહેલાં રોટલો ચપ કરી જવાય. માનવજાત પણ બીજાનું કેમ ખેંચી લેવું, મફતનું કેમ હડપ કરવું, પડાવી લેવું એજ વૃત્તિવાળો માનવ છે તે ઉપરાંત સ્વાર્થી છે. અમે જરા કાંઇ થયું કે હાઉ હાઉ કરીએ છીએ અને માનવો વઉ વઉ કરે છે. માટે અમારા કુતરાના કુટુંબમાં ભેળવો.

વાંદરાની રજુઆત–એક ઠેકડો મારી પ્રમુખ સિંહ પાસે આવીને કહે અમારી વાત પણ સાંભળો. સિંહે કહ્યું, ભલે કહો.

અમારા બધાના દાદા એકજ, અમે હનુમાનના વારસદાર. અમે જેવા અટકચાળા છીએ તેમ માનવજાતની ચાલ અટકચાલી છે. અમારા દાદા હનુમાને એક લંકામાં આગ લગાડી, પરંતુ માનવો તો કેટલીય લંકામાં આગ લગાડતો ફરે છે. કોઇના ઘરમાં શાંતિ હોય તો માનવ ઉધુંચત્તુ બીજાના કાનમાં ભેરવી અશાંતિ ઉભી કરે છે.

આજની સવારની વાત કરું–હું એક અગાસી પર બેઠો હતો. એક જુવાન છોકરી રસ્તા પરથી ચાલી જતી હતી. હાથમાં ચોપડા હતા. સામેથી એવાજ બેચાર છોકરાઓ આવતા હતા. જાણી જોઇને ઝડપથી ચાલતા હતા. અને પેલી છોકરી સાથે અથડાયા, છોકરી પડી ગઇ, ચોપડા પડી ગયા. પેલી છોકરી એકદમ ચિડાઇ અને બોલી, "નર્યા વાંદરાજ મૂઆ છે, દેખતાયે નથી." આ રીતે માનવો પરસ્પર એક બીજાને વાંદરા કહે છે, અટકચાળા પણ અમારા જેવા કરે છે, બીજી

રીતે ભાતો અમારા જેવી છે માટે માનવજાતને અમારા કુટુંબમાં ભેળવી દેવાની દરખાસ્ત મૂકું છું, અમે એમનું ભાવભર્યું સ્વાગત કરીશું. બુઢિયા વાંદરાની વાત પુરી થઇ ત્યાં એક ભૂખ્યો વાંદરો ઝાડ પર બેઠો હતો. ઝાડ કોઠાનું હતું તેને અટકચાળું સૂઝ્યું. ઝાડપરથી એક કોઠું તોડ્યું તે એના હાથમાંથી નીચે પડી ગયું અને નીચે બેઠેલા સસલા પર પડ્યું. એટલે ગભરાયું અને બૂમ પાડી ઉઠ્યું, "ભાગો-ભાગો, બોમ્બ પડ્યો. માનવજાતે બોમ્બ નાંખ્યો" આ સાંભળી બધા આમતેમ ભાગ્યા, ચારે બાજુ નાસ ભાગ શરૂ થઇ ગઇ. આમ આખી પરિષદ એ દિવસે કોઈપણ જાતનો ઠરાવ કર્યા વગર વિખરાઈ ગઈ અને ઠરાવ કરવાનું કામ અધુરૂં રહી ગયું. આ દૃષ્ટાંતથી જોઇ શકાશે કે આજના માનવના સંસ્કારો પશુતાના છે માટે માનવે આત્મનિરિક્ષણ કરવાની ખાસ જરૂર છે અને જાતને પ્રશ્ન પૂછી લેવું કે હું ખરેખર પશુતુલ્ય છું કે સત્પુરુષ જેવો છું ? શું જવાબ મળે છે તે મુજબ જીવન જીવવા પ્રયત્ન કરો.

(ગુજરાત સમાચારના સૌજન્યથી)

—*—

સંસારમાં સાચું સુખ નથી. માણસો જે માની બેઠા છે તે તો બહારનું સુખ છે. જ્યાં લગી ભગવાનની ભક્તિ ના જાગે ને વેરઝેર ના મટે ત્યાં લગી સુખ નથી.

*

ઇશ્વર એવો દયાળુ છે કે દરેક વસ્તુ આપી રહે છે. જેમ કોઈ મા પોતાના બાળકની સંભાળ રાખે તેથી પણ વધારે તે સંભાળે છે.



# નમસ્કારનો મહિમા

પૂજ્યપાદ સંતશ્રી આસારામજી બાપુ

દરરોજ સવારે અને સાંજે માતા-પિતા, વડીલો અને ગુરુજનોનાં ચરણોમાં નમસ્કાર કરવા જોઇએ. નમસ્કારનો ઘણો મહિમા છે.

अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।
चत्वारि तस्य वर्धन्ते आयुर्विद्यायशोबलम् ॥

જે દરરોજ સવારે મોટાંઓની સેવા કરે છે, ચરણોમાં પ્રણામ કરે છે અને એમની શીખામણ પ્રમાણે ચાલે છે એનાં આયુષ્ય, વિદ્યા, યશ અને બળ એ ચારેય વૃદ્ધિ પામે છે.

મૃકન્ડુ નામના ઋષિ હતા. એમના પુત્ર માર્કન્ડેય. તેઓ બાળપણથી જ માતાપિતાના સંસ્કાર-સિંચન મુજબ માતા-પિતા, વડિલો, ગુરુજનો તેમજ સંત મહાત્માઓને નમસ્કાર કરતા. એકવાર કોઈ સિદ્ધ મહાત્મા એમને ત્યાં આવ્યા. પિતાએ બાળક માર્કન્ડેયને કહ્યું : "બેટા ! મહાત્માજીને પ્રણામ કરો." બાળકે નમીને ચરણસ્પર્શ કર્યો ને આદરપૂર્વક સિદ્ધ પુરુષની ચરણરજ માથે ચડાવી. મહાત્મા તો બાળકને એકીટશે જોતા જ રહ્યા, જાણે બાળકના ભાવિ જીવનના ઊંડાણમાં ડોકિયું ન કરતા હોય ! ઋષિએ પૂછ્યુ : "મહારાજ ! આમ એકીટશે શું નિહાળી- રહ્યા છો !"

"બાળક તો સુંદર મજાનો છે પણ એનું આયુષ્ય હવે થોડુંક જ બાકી રહ્યું છે" કહીને સિદ્ધપુરુષે વિષાદપૂર્ણ નયનો ફરીથી બાળક તરફ માંડયાં. ઋષિ તો પોતાના લાડલા વિષેની આ દુઃખદ વાત સાંભળીને ડઘાઇ જ ગયા.હાથ

જોડીને મહાત્માને વિનવ્યા : " પ્રભો ! આનો કંઇ ઉપાય ?"

" જે કોઇ સંત મહાપુરુષો આવે, ઋષિ-મુનિઓ આવે એમનાં ચરણોમાં બાળકને નમસ્કાર કરાવો. " કહીને સિદ્ધ પુરુષ વિદાય થયા. મૃકન્ડુ ઋષિએ એ પ્રમાણે કરાવવા માંડયું. એક દિવસ સપ્તર્ષિઓ પધાર્યા. પિતાએ બાળકને વહાલથી કહ્યું : " બેટા ! ઋષિઓને નમસ્કાર કરો " માર્કન્ડેયે ખૂબ ભાવથી પ્રણામ કર્યા એમણે બાળકના માથે હાથ મૂકતાં આશીર્વાદ આપ્યા : " ચિરંજીવી થાઓ. "

પિતાએ કહ્યું : " મહારાજ ! આનું આયુષ્ય ટૂંકું છે. એને ચિરંજીવી થવાના આપના આશીર્વાદ સાંપડયા છે. પ્રભો ! હવે આપનાં આશીર્વચનોને અનુરૂપ થવા માટે અમારે શું કરવું જોઇએ ? "

"હવે એમ કરો, આ બાળકને ભગવાન શંકરની સેવામાં, પૂજા-આરાધના-ઉપાસનામાં લગાડી દો. સૌ સારાં વાનાં થશે."

મૃકન્ડુ ઋષિએ બાળક માર્કન્ડેયને દેવાધિદેવ મહાદેવની ઉપાસના આરાધનામાં પ્રવૃત્ત કરી દીધો. નિર્દોષ બાળક માર્કન્ડેય શિવજીની સેવા-પૂજામાં મગ્ન થઇ ગયો. વહેલી સવારે ઊઠી, સ્નાનાદિથી પવિત્ર થઇ ભગવાન શિવના લિંગને નવડાવે છે, બિલીપત્ર, ફળ-ફૂલ, ધૂપ-દીપ, નૈવેદ્ય આદિ ચડાવે છે, પ્રાર્થના કરે છે, આસન પર બેસી હાથમાં માળા લઇ ૐ નમઃ શિવાય-નો જપ કરે છે, ધ્યાન કરે છે, સ્તુતિ-સ્તોત્રો ગાય છે. સમય પસાર થઇ રહ્યો છે.

મૃત્યુની પળો આવી. કાળા વિકરાળ પાડા ઉપર લાલ લાલ વર્ણના યમરાજ પ્રગટ થયા. એમને જોઇ બાળક છળી પડ્યો, ડરી ગયો. ગભરાઇને ભગવાન શંકરના લિંગને આલિંગન કરી વળગી પડ્યો : " હે ભગવાન ! આ યમરાજ આવી ગયા. બચાવો... બચાવો..."



ભગવાન શંકર હાથમાં ત્રિશૂળ લઇને પ્રગટ થયા. યમરાજને કહ્યું : " આ બાળકને કયાં લઇ જાઓ છો ? "

" મહારાજ ! એનું આયુષ્ય પૂરું થયું છે. સૃષ્ટિના ક્રમ મુજબ હું મારું કર્તવ્ય બજાવવા આવ્યો છું. "

" અરે યમરાજ ! જુઓ તો ખરા તમારા ચોપડામાં... આનું આયુષ્ય કયાં પૂરું થયું છે ? "

યમરાજે ચોપડો જોયો તો બાળકના ખાતામાં લાંબું આયુષ્ય જમા જોયું. સૃષ્ટિનો લય કરનાર દેવાધિદેવ યોગીશ્વર પશુપતિનાથ જેનું રક્ષણ કરે એનો વાળ પણ કોણ વાંકો કરી શકે ?

" ચાલો ભાગો અહીંથી ! " રુદ્ર ગર્જી ઊઠ્યા. યમરાજે વિદાય લીધી. માર્કન્ડેય ચિરંજીવી બની ગયા. શાના પ્રભાવથી ? નમસ્કારના પ્રભાવથી. આવો મહિમા છે નમસ્કારનો.

नमस्कार से रामदास, कर्म सभी कट जाय ।
जाय मिले परब्रह्म में, आवागमन मिटाय ॥

દરરોજ સવારે માતા-પિતાને, પૂજનીય આદરણીય ગુરુજનોને નમસ્કાર કરો, પ્રણામ કરો, એમના આશીર્વાદ લો. મોટા ભાઇ, મોટી બહેનને પણ નમસ્કાર કરો. ઘરમાં જો મોટાં લોકો આ નિયમ અપનાવશે તો નાનાં બાળકો આપ-મેળે અનુકરણ કરશે. પરસ્પર નમસ્કાર કરીને કુટુંબમાં દિવ્ય ભાવનાઓ પ્રબળ થશે તો લડાઇને, કડવાશને અવકાશ નહિ રહે. સંજોગોવશાત્ કંઇ ખટપટ થશે તો લાંબી ટકશે નહિ. પરિવારનું જીવન મધુર બની જશે. પરમાર્થ સાધવાનું સરળ બનશે.

## મનનયોગ્ય સુવાકયો

× પવિત્રતા અને સચ્ચાઇ, વિશ્વાસ અને ભલાઇથી ભરેલો મનુષ્ય ઉન્નતિનો ઝંડો હાથમાં લઇને જ્યારે આગળ વધે છે ત્યારે કોની મજાલ છે કે વચ્ચે ઊભો રહે ? જો

તમારા દિલમાં પવિત્રતા, સચ્ચાઇ અને વિશ્વાસ હોય તો તમારી દૃષ્ટિ લોખંડના પડદા પણ ચીરી શકશે. તમારા વિચારોની ઠોકરથી પહાડોના પહાડો પણ ચકનાચૂર થઈ શકશે. ઓ જગતના બાદશાહો ! આગળથી હટી જાઓ. આ દિલનો બાદશાહ પધારી રહ્યો છે.

× જો તમે સંસારનાં પ્રલોભનો અને ધમકીઓથી નહિ ડગો તો તમે સંસારને અવશ્ય ડગાવી દેશો. આમાં જે શંકા કરે છે તે કાફર છે.

× વેદાંતનો સિદ્ધાંત છે કે આપણે બદ્ધ નથી પણ નિત્યમુક્ત છીએ. એટલું જ નહિ, 'બદ્ધ છીએ' એમ વિચારવું પણ અનિષ્ટકારી છે, ભ્રમ છે. જેવું તમે વિચાર્યું કે 'હું બદ્ધ છું. દુર્બળ છું, અસહાય છું' તો તરત તમારું દુર્ભાગ્ય શરૂ થયું સમજો. તમે પોતાના પગમાં એક વધારે સાંકળ બાંધી, માટે સદા મુક્ત હોવાનો વિચાર કરો, અનુભવ કરો.

× રસ્તે ચાલતાં જ્યારે કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિને જુઓ–ભલે તે ઇંગ્લેન્ડનો સમ્રાટ હોય કે અમેરિકાનો પ્રેસિડન્ટ હોય, રશિયાનો સર્વેસર્વા હોય કે ચીનનો સરમુખત્યાર હોય–ત્યારે પોતાના મનમાં કોઇ પ્રકારની ઇર્ષ્યા કે ભયનો વિચાર આવવા ન દો. એમની બાદશાહી નજરને પોતાની જ નજર સમજીને મજા લૂંટો કે હું જ એ છું. જ્યારે તમે એવું અનુભવવાની ચેષ્ટા કરશો ત્યારે તમારો અનુભવ સાબિત કરી દેશે કે બધા એક જ છે.



( પૃષ્ઠ ૧૮ નું અનુસંધાન )

ભૂલવાથી સીમિતમાંથી અસીમ પરિસ્થિતિમાં મૂકાવાય છે અને તેથી અસીમ સુખ પ્રાપ્ત થાય છે. તેમાં કોઈ પણ ભાગ પડાવી શકતું નથી અને તે કદી કોઈનું પડાવી લઇને કે કોઇના હકનું પડાવી લેવાનું ન હોવાથી કોઇને આંચ આવ્યા સિવાય અસીમ સુખને પ્રાપ્ત થવાય છે.

સી–૨૭૬ પાર્શ્વનાથનગર સોસાયટી,
પોસ્ટ : ચાંદખેડા સોસાયટી એરીયા,
પીન : ૩૮૨૪૨૪
જીલ્લો : ગાંધીનગર ( ઉ. ગુ. )

હું મૌનની સાધનામાં માનું છું—અને કલાકો સુધી એ વિશે વ્યાખ્યાન આપી શકું તેમ છું.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# સતી વૃન્દા અને જાલંધર

ભરતભાઇ વિઠ્ઠલભાઈ ભક્ત

સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં કારેલી નામનું એક નાનકડું ગામડું આવેલું છે. નવરાત્રિના પવિત્ર તહેવારમાં આ ગામની બાલિકાઓ "શારદા મંડળ, કારેલી"-ના નેજા હેઠળ ગરબા અને આખ્યાનોનો રસિક કાર્યક્રમ ઠેર ઠેર રજૂ કરીને અત્યંત લોકચાહના મેળવી રહી છે. એમણે રજુ કરેલ આખ્યાન પરથી આજની આ વાર્તા સંક્ષિપ્તમાં સૌ વાચકો સમક્ષ રજુ કરવાની તક લઉં છું.

એકવાર ઇન્દ્ર અને શંકર ભગવાન વચ્ચે ખૂબ વાગ્યુદ્ધ થયું. ઇન્દ્રે શિવજીને પોતાની સાથે લડવા માટે અથવા તો કોઇ બળવાન લડવૈયો આપવાનો પડકાર ફેંક્યો. ઇન્દ્રની વાણી સાંભળીને શંકર ખૂબ ગુસ્સે થયા એટલે એમના શરીર પર પરસેવો વળવા લાગ્યો. શંકરે એ પરસેવો કમંડળમાં નાંખ્યો અને તેથી આખું કમંડળ ધ્રૂજવા લાગ્યું. એ કમંડળમાંનો જીવ સમુદ્રમાં પધરાવી દેવાની શંકરે પોતાના ગણોને આજ્ઞા કરી. ગણોએ એ જીવને સમુદ્રમાં પધરાવી દીધો. દિનપ્રતિદિન એ બળવાન જીવ સમુદ્રમાં મોટો થવા લાગ્યો, એકવાર બ્રહ્મા સહિત સૌ દેવો સમુદ્ર પાસે ગયા. સમુદ્રદેવ પ્રગટ થઇને સૌ દેવો સાથે વાત કરવા લાગ્યા. દેવો કહેવા લાગ્યા કે "હે સમુદ્રમાં ઉછરી રહેલા બળવાન-જીવ, તમે બહાર આવો. અમારી સાથે ક્રૌચંક નામના રાજા આવ્યા છે. તેમને વૃન્દા નામની એક સુલક્ષિણી કન્યા છે. તેની સાથે લગ્ન કરી સુખેથી રહો"— દેવોની પ્રાર્થના સાંભળીને પેલો જીવ માનવદેહ ધારણ કરીને બહાર આવ્યો,



એ જીવ તે જ જાલંધર.

જાલંધર અને વૃન્દાના લગ્ન થઇ ગયા. બંને સુખચેનથી રહે છે. એવામાં રાહુ જાલંધરને જણાવે છેકે "સમુદ્ર તમારો પિતા છે. એ સમુદ્રનું મંથન કરીને દેવો ચૌદ રત્નો ચોરી ગયા છે. તમારા જેવો બળવાન પુત્ર હોય તેણે આવા રત્નો પાછા દેવો પાસેથી લેવા જ જોઇએ." રાહુની વાત સાંભળીને જાલંધર ઇન્દ્ર કે જે દેવોનો રાજા હતો તેની સાથે યુદ્ધ કરવાનો દૃઢ સંકલ્પ કરે છે. યુદ્ધે જતાં પહેલાં તે પોતાની પત્ની વૃન્દા પાસે જઇને ઇન્દ્ર સાથે યુદ્ધ કરવા જવા દેવાની અનુમતિ માંગે છે.

જાલંધરની વાત સાંભળીને વૃન્દા એને યુદ્ધની ભયાનકતાનો ખ્યાલ આપે છે. પરંતુ જાલંધર પર વૃન્દાના શબ્દોની કોઇ અસર થતી નથી. એટલે તે વૃન્દા પર ગુસ્સે થાય છે. છેવટે વૃન્દા જાલંધરની જીદ આગળ— હઠ આગળ નમતું જોખે છે અને ના છુટકે, લાચારીથી જાલંધરને યુદ્ધમાં જવાની આજ્ઞા આપે છે.

યુદ્ધે જતાં જાલંધરના ગળામાં ફૂલમાળા પહેરાવીને વૃન્દા કહે છે, "હે સ્વામી, તમે યુદ્ધમાં ખૂબ આનંદથી લડજો. આ માળા તમારું રક્ષણ કરશે, એ માળા મારા પતિવ્રતના પ્રભાવની માળા છે. જયાં સુધી આ માળા કરમાશે નહિ ત્યાં સુધી યુદ્ધમાં કોઇ તમારો વાળ વાંકો કરી શકશે નહિ, મારું પતિવ્રત ખંડિત થશે ત્યારે જ આ માળા કરમાશે અને ત્યારે જ તમારી હાર થશે"–આમ પત્નીની આજ્ઞા લઇને જાલંધર ઇન્દ્ર સાથે લડવા માટે યુદ્ધભૂમિ પર જાય છે.

રણભૂમિ પર ઇન્દ્રને જોતાં જ જાલંધરનો પારો સાતમા આસમાને પહોંચી જાય છે. તે ઇન્દ્રને કહે છે કે "હે ચોરોના સરદાર, મારા પિતાને દગો કરીને ચૌદ રત્નો

ચોરી લીધા એનો તને બરાબર સ્વાદ ચખાડું." ઇન્દ્ર પણ જાલંધર સાથે વાગ્યુદ્ધ કરીને યુદ્ધે ચઢે છે. પરંતુ આ યુદ્ધમાં ઇન્દ્ર હારી જાય છે અને વિષ્ણુને સાથે લઈને પાછો યુદ્ધના મેદાન પર આવે છે.

ઇન્દ્ર સાથે વિષ્ણુને આવેલા જોઇને જાલંધર વિષ્ણુને કહે છે, "હે વિષ્ણુ! તમે તો મારા સગા બનેવી થાઓ છો, તમે શા માટે ઇન્દ્રની વાતે મારી સાથે વેર બાંધો છો? [જાલંધર સમુદ્રમાં જ મોટો થયો હતો. સમુદ્ર મંથન વખતે નીકળેલા ચૌદ રત્નોમાંનું એક રત્ન તે લક્ષ્મીજી. આ લક્ષ્મીજી તે વિષ્ણુના પત્ની. આ રીતે જાલંધર અને લક્ષ્મીજી ભાઈબેન થાય અને વિષ્ણુ તેના બનેવી થાય]. વિષ્ણુ પણ જાલંધર પર કોપાયમાન થાય છે. છેવટે જાલંધર તેમજ ઇન્દ્ર અને વિષ્ણુ વચ્ચે ભયાનક યુદ્ધ થાય છે પરંતુ જાલંધર હારતો નથી. વિષ્ણુ એનું કારણ વિચારે છે, શા માટે આજે જાલંધરને કોઈ હથિયાર વાગતું નથી?–એના વિચારમાં વિષ્ણુ ગળાડૂબ બની ગયા છે.

પતિને આમ ઊંડા વિચારમાં મગ્ન બનેલા જોઇને લક્ષ્મીજી વિષ્ણુને પૂછે છે કે, "હે નાથ! તમે આજે શા માટે નિરાશ થયા છો?"–લક્ષ્મીજી ખૂબ આગ્રહ કરે છે ત્યારે વિષ્ણુ કહે છે, "હે દેવી, તારા ભાઈ જાલંધરે આજે મને રણભૂમિ પર ગમે તેવાં કડવાં વચનો કહ્યાં છે અને મારું ઘોર અપમાન કર્યું છે. તેને કેવી રીતે મારવો તેનો હું વિચાર કરું છું, તને જો મારા પર હૃદયપૂર્વકની લાગણી હોય તો જાલંધર પાસે જઈ યુક્તિથી તેનું મરણ કેવી રીતે થશે તે જાણી લાવ."–વિષ્ણુની વાત સાંભળીને લક્ષ્મીજીની દશા તો સૂડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ. એક તરફ ભાઇનું મોત અને બીજી તરફ પતિ પ્રત્યેનો અપાર પ્રેમ. છેવટે



પતિપ્રેમ આગળ તેનું મન નમતું જોખે છે અને લક્ષ્મીજી જાલંધર પાસે તેના મોતનું કારણ જાણવા માટે જવા રવાના થાય છે.

જાલંધર પાસે જઇને લક્ષ્મીજી કહેવા લાગ્યા, "હે ભાઈ! તું વિષ્ણુ સાથે લડાઇ કરવાનું માંડીવાળ. એ લડાઇમાં તારું અવશ્ય મરણ થશે હું ભાઇ વિનાની થઈ જઈશ." બહેનની આવી પ્રેમાળ વાતો સાંભળીને જાલંધર ભોળા દિલે કહી દે છે, "હે બહેન! આ માળાના પ્રભાવે મને કોઇ મારી શકે એમ નથી. વૃન્દાના પતિવ્રતના પ્રભાવની આ માળા છે. જ્યારે એનું પતિવ્રત ખંડિત થશે ત્યારે જ આ માળા કરમાશે અને ત્યારે જ મારું મોત થશે"–યુક્તિપૂર્વક ભાઇના મરણની વાત જાણીને લક્ષ્મીજી વિષ્ણુ પાસે આવીને તમામ હકીકત જણાવે છે.

જાલંધરના મોતનું સાચું રહસ્ય જાણવા મળી ગયું તેથી વિષ્ણુ ઇન્દ્રને ફરીથી જાલંધર સાથે લડવા મોકલે છે. એક તરફ ઇન્દ્ર અને જાલંધર વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે તો બીજી તરફ વિષ્ણુ કપટલીલા-માયા રચી રહ્યા છે. સાધુનો વેશ લઇને મઢૂલી બનાવીને ધૂણી ધખાવીને વિષ્ણુ બેઠા છે. પેલી તરફ વૃન્દા પણ ભાન ભૂલે છે અને પોતાના સ્વામી જાલંધરને જોવા માટે જાય છે રસ્તામાં આ સાધુ (વિષ્ણુ)ને જુએ છે. વૃન્દાને સંતના આશીર્વાદ લેવાની ઇચ્છા થતાં તે સાધુ પાસે જાય છે. વૃન્દાને આવેલી જોઇને સાધુરૂપે રહેલ વિષ્ણુ કહે છે, "હે સતી વૃન્દા, તારે તારા સ્વામીને જોવા માટે રણભૂમિ પર જવાની જરૂર નથી, હું મારી સિદ્ધિના પ્રભાવે જાલંધરને અહીં બોલાવું છું. એમ કહીને સાધુ નકલી જાલંધરને પ્રગટ કરે છે. વૃન્દાને તો આ સાધુના વચનો પર અપાર શ્રદ્ધા બેસી ગઈ હતી. તેથી તે આ નકલી

જાલંધરને જ પોતાનો પતિ માનીને તેની ચરણ ચંપી કરે છે. ખરેખર એનો સાચો પતિ તો યુદ્ધના મેદાન પર યુદ્ધ જ કરે છે. નકલી જાલંધર દ્વારા વૃન્દાનું પતિવ્રત ખંડિત થાય છે અને એમ થતાં જ રણભૂમિ પર લડી રહેલા સાચા જાલંધરના ગળામાંની માળા કરમાઇ જાય છે. માળા કરમાતાં જ લાગ જોઇને દેવનું હથિયાર જાલંધરનું મસ્તક છેદી નાંખે છે. એ મસ્તક ઉછળીને વૃન્દા પાસે આવે છે. નકલી જાલંધર અદૃશ્ય થઈ જાય છે, પોતાના સાચા સ્વામીનું મસ્તક જોઇને વૃન્દા છાતીફાંટ કલ્પાંત કરે છે. વેદનાના વારિ પીપીને જેના વદનકમલની ક્રાંતિ કરમાઇ ગઇ છે એવી વૃન્દા સ્વસ્થ બનીને સાધુના રૂપમાં રહેલ વિષ્ણુને શાપ આપતા કહે છે, "તું સાધુના રૂપમાં કોણ સેતાન છે ? તારા કર્મનો બદલો બરાબર તને ચખાડું, હું તને શાપ આપું છું કે તારા આવા કર્મ બદલ તું પૃથ્વી પર શાલિગ્રામ પથ્થર રૂપે અવતર." સતીના શાપનો સ્વીકાર કરતાં વિષ્ણુ કહે છે, "હે સતી તેં તારા સતીત્વના પ્રભાવે તારા સાચા-નકલી પતિને ઓળખ્યો નહિ એ તારી ભૂલ છે. તેં આપેલ શાપનો હું સ્વીકાર કરું છું પણ તારી ભયંકર ભૂલ બદલ હું પણ તને શાપ આપું છું કે તું પૃથ્વી પર તુલસી બનીને અવતર."—બંનેએ એકબીજાને શાપ આપ્યા. એક શાલિગ્રામ થયો બીજી તુલસી થઈ. આજે પણ આ બંને વિના આપણી પૂજા-અર્ચન વિધિ અધૂરી ગણાય છે. માટે જ્યારે જ્યારે શાલિગ્રામ અને તુલસીની પૂજા કે દર્શન કરીએ ત્યારે આટલી કથા ધ્યાનમાં રાખવી જરૂરી છે.

મુ. ધલુડા, પો. તા. પલસાણા, જિ. સુરત

—*—



## ના નમીએ, ના નમીએ !

ના નમીએ, ના નમીએ, ના નમીએ
 વિઘ્નોની સામે ના નમીએ.
અણનમ બની ઊભા રહીએ,
 વિઘ્નની સામે ના નમીએ.
વિઘ્નોને જીવનનો ક્રમ ગણી લઇએ,
 શક્તિવર્ધનનું સાધન ગણી લઇએ.
વિઘ્નોના વિઘ્ન બની આગળ વધીએ, ના.
દુઃખોને જીવનમાં સ્નેહે સ્વીકારીએ,
 ભાવ અને પ્રેમ સદા હૈયે વધારીએ,
દુઃખને દુઃખી કરી હસતા જઇએ, ના.
આફતને જીવનની જયાફત સમજીએ,
 દુશ્મનને દોસ્ત કરી કામે લગાડીએ.
અગવડમાં સગવડ સદૈવ જોઇએ, ના.
જીવનસંગ્રામના સિપાઈ બની રહીએ,
 ચડીએ પડીએ ને પાછા ઊઠીને લડીએ,
જીવનસુકાની પ્રભુજીને ગણીએ, ના.

—રંગ અવધૂત

### ૐ मा—प्रभु शरणं मम् ।

સંકટ મોચન પ. પૂ. મા પ્રભુના ચરણોમાં પ્રણામ

તમારા જ આશ્રયે રહું છતાં,
રહું આજ દર્શનથી વંચિત સદા !
રહ્યા પ્રેમ ઢોળી અવિરત તમે પણ,
ન રાખે બાજ મનડું મારું છતાં,
અનાથ ના નાથ દયાના હે સાગર,
માંગુ વારે વારે શરમીંદો છતાં,
અકળાય જીવ મારો ઊભો નવા પંથે,
હવે તો એક આધાર તારો જ મારે,
મુંઝાયો છું હું લાજ મારી તો જાશે,
પણ પંથે વળાવનારનું શું થાશે ?
દીનાનાથ દીનબંધુ દયાળું હે મા,
દયા કર, દયા કર, દયાળું દયા કર.
હરિ ૐ

અંતર્યામીને વધું શું કહેવું !
મા સર્વેશ્વરીના ચરણોમાં રહેવું.
પ્રેમે પધારો સ્નેહે ઊગારો,
હે યોગેશ્વર દીન-દયાળું.

—*—



# પૂ. માની સાધના અને આપણે

નારાયણ હ. જાની

પૂજ્ય ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાયનો દિવસ-૧૮ માર્ચ, ૧૯૮૪-એટલે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની અનોખી સાધનાનો આરંભદિન. પ્રભુ કોઈકવાર કેવી ઘટનાને કોઇ મહાકાર્ય માટેનું નિમિત્ત બનાવતો હોય છે, તે વખતે સમજમાં આવતું નથી. આ પણ એક એવીજ અનોખી ઘટના બની ગઈ.

તા. ૧૮ મી માર્ચ, ૧૯૮૪ની સાંજે પૂ. શ્રીના સ્વહસ્તે પીરસેલું અન્ન-ભોજન પૂ. માએ ગ્રહણ કર્યું, એ આજે તો છેલ્લા ચાર વર્ષથી એમનું છેલ્લું ભોજન બની રહ્યું છે; અને ૧૪૫૦ દિવસોના ઉપવાસોની એ પરંપરાએ પૂ. માની સાધનાનું એક નવું ક્ષેત્ર ઉઘાડી દીધું છે.

અન્નનો ત્યાગ જે સામાન્ય માનવ શરીરધારી માટે કષ્ટ-સાધ્ય કે અશકય લાગે. તે પૂ. માશ્રી સર્વેશ્વરીના જીવનમાં સહજ બની રહ્યો છે. પ્રભુએ એમના મનને અન્ન પ્રત્યે એવું ઉપરામિત બનાવી દીધું છે કે એનું સ્મરણ એમને કદી થતું નથી. એ માટેની ઇચ્છા કે ભાવ કદી પેદા થતો નથી. એટલે એને માટે એમને કોઇ પ્રયાસ કે પરિશ્રમ કરવો પડતો નથી. સહજ રીતે એમની ઉપવાસની સાધના ચાલતી રહે છે. એનો બોજો કે ભાર એમને લાગતો નથી. એમાં જ આપણને પૂ. ગુરુદેવની શક્તિ, પ્રભુની કૃપાનું દર્શન થાય છે. જે સહજતાથી પૂ. મા પોતાની સાધના કરે છે; તેનાથી એમની સાથે રહેનારને એની કલ્પના પણ આવતી નથી કે કેવી

મોટી હસ્તિ સાથે તેઓ જીવી રહ્યાં છે ! કેવી મહાન આધ્યાત્મિક રીતે ઐતિહાસિક ગણાય એવી ઘટનાના એ સાક્ષીરૂપે જીવી રહ્યાં છે ! કાળક્રમે એની મહાનતા આપોઆપ છતી થશે, એમાં જરાય શંકાને સ્થાન નથી.

૧૯૮૭ની જાન્યુ.ની ૧૪ તારીખે પૂ. માએ ઉપવાસો દરમ્યાન એક વર્ષ માટે ફળનો સંપૂર્ણ ત્યાગ કરેલો. તો ૧૯૮૮ની જાન્યુઆરિની એજ તારીખે દૂધનો ત્યાગ કર્યો. ને ફળ લેવાનાં ચાલુ કર્યાં. પરંતુ આ ફળો કેવાં ને કેટલાં લે તે જુઓ તો નવાઇ પામો ! ચાર વર્ષના સતત ઉપવાસોના પરિણામે એમની રૂચિ પણ બદલાઇ ગઈ છે. બજારમાં મળતાં સફરજન, કેળાં, મોસંબી કે સંતરાં પૂ. માને ભાવે કે ગમે જ નહિ. એના બદલે ધ્રુવફળ ( કોઠું ), ગોરસ આંબલી કરમદાં કે આંબલી જેવાં જંગલમાં સહજરીતે ઉગતાં વૃક્ષોનાં ફળ થોડાં લે. કદીક આ બધાનો ભેગો પ્રસાદ કરી ભક્તોને આપી દે, ચખાડે ને કહે "જુઓ તો ખરા ! કેવો અદ્દભુત સ્વાદ છે આમાં ?"

પાણી પર કે પાણી વગરના ઉપવાસો પણ પૂ. મા સહજ રીતે કરતાં રહે છે. ૧૯૮૭ના વર્ષ દરમ્યાન પૂ. માએ ૧૦૮ પાણી વગરના ઉપવાસો કર્યા, તો ૧૯૮૬માં સપ્ટે. થી ડીસે. સુધી એકી સાથે એકસો આઠ દિવસ પાણી પરના ઉપવાસો કર્યા. શું માન્યમાં આવે એવી આ વાત છે ?–પણ એ હકીકત છે.

આ ઉપાવાસો દરમ્યાન પૂ. માની સાધનાત્મક પ્રવૃત્તિ, તીર્થયાત્રાઓ, સત્સંગના કાર્યક્રમો ને પ્રવચનો, રામાયણનું ગાન ને યોગેશ્વર ગુરુલીલામૃતનું પારાયણ ચાલ્યા જ કરે છે. પોતાના પ્રભુપ્રાપ્તિના સાધનાત્મક યજ્ઞમાં કેવી અદ્દભુત



આહુતિઓ પૂ. મા આપતાં રહે છે, તે જોઇને અવાક્ થઈ જવાય છે. તર્ક કે બુદ્ધિ એમાં કશી કામ લાગતી નથી. કેવળ શ્રદ્ધાના સહારેજ એ સમજાય; બાકી તો કોઈ માને કે ના માને એની સાથે પૂ. માને શું લેવાદેવા છે ? કારણ કોઇને દેખાડવા, કે કોઇકનું પ્રમાણપત્ર પામવા એ થોડાં પોતાની સાધના કરે છે ?–એ તો એમનો અને એમના ઉપાસ્ય ગુરુદેવ વચ્ચેનો અંગત વ્યવહાર છે. આપણને તો તે એટલા માટે ઉપયોગી છે કે તેમાં પ્રભુની અદ્દભુત શક્તિનું દર્શન થાય છે, આજના વિજ્ઞાનયુગમાં તર્ક અને બુદ્ધિની પારના પ્રદેશોની ભાળ મળે છે, સાદુ પવિત્ર વ્યસનરહિત પ્રભુપરાયણ જીવન જીવવાની પ્રેરણા મળે છે, ને સૌથી વિશેષ તો એમનું સાન્નિધ્ય આનંદ ને મંગલપ્રેરક બને છે. જે સુખ ધનના ઢગલા, સંપત્તિ અને સગવડતાઓની વિપુલતા નથી આપી શકતી તે એમના સાન્નિધ્યમાં સહજ રીતે માણસ અનુભવે છે; મનની શાંતિ ને દીલની ટાઢક આપોઅપ અનુભવાય છે. જીવનમાં કદી ન માણવા મળી હોય એવી માનસિક શાંતિ ને મસ્તીની વિલક્ષણ અનુભૂતિ કોઈ કોઇ અધિકારી જીવને પ્રાપ્ત થઇ જતી હોય છે, કારણ પૂ મા આપણા સહુની વચ્ચે વસીને આ સાધના કરતાં રહે છે.

પૂ. મા પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમ, તેમજ ભગવાન રમણ મહર્ષિના તિરૂવણ્ણામલૈયની યાત્રાએથી હમણાં પધાર્યાં છે લાગે છે કે તીર્થાટન એમની સાધનાનો એક ભાગ બની ગયો છે. આશ્ચર્ય તો એ છે કે પરિભ્રમણનો પરિશ્રમ આટલા સતત ઉપાવાસો છતાં એમના સાધનાત્મક પ્રવાહમાં બાધારૂપ નથી બનતો.

પૂ. મા તેમજ એમની સાધનાને સમજવાનું અઘરૂં છે.

તેઓમાં કોઇ શાસ્ત્રીય જ્ઞાન કે ધર્મગ્રંથોની વિદ્વત્તા ભલે ન હોય, પણ પ્રભુ માટે સર્વસમર્પણ કરનાર એક ભકતની અનુરકિત છે, પ્રેમ છે, પાગલપણુ છે, તપ છે, તિતિક્ષા છે, જે આજની દુનિયામાં ભાગ્યેજ જોવા મળે છે. પ્રભુ માટેના એમના જેવા પ્રેમનો થોડો પણ સંસ્પર્શ આપણને મળી જાય તો આપણું જીવન પણ ધન્ય બની જાય. કૃતકૃત્ય થઇ જાય. ઘણાં જન્મોનું દળદર ફીટી જાય મુકિતનું દ્વાર ઉઘડી જાય. એનાથી મોટી સંપ્રાપ્તિ જીવનમાં બીજી શું હોઇ શકે?

## પૂ. માશ્રી સર્વેશ્વરીનો મોરબી અને રાજકોટનો કાર્યક્રમ

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો તા. ૨૬-૩-૮૮ થી તા. ૧-૪-૮૮ સુધી મોરબીના જડેશ્વર મહાદેવમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી દ્વારા ગુજરાતી કાવ્યમાં અનુવાદિત રામચરિત માનસના ગાનનો કાર્યક્રમ મોરબી ધ્યાન કેન્દ્ર તરફથી રાખવામાં આવેલ છે. તે અંગેની વિગત શ્રી હરિભાઇ ભોજાણી, ગેસ્ટ હાઉસ રોડ, મોરબીનો સંપર્ક સાધવાથી જાણી શકાશે.

પૂ. મા તા. ૫/૪/૮૮ થી એક સપ્તાહ માટે રાજકોટ ખાતે પધારવાનાં છે. રાજકોટમાં તેઓશ્રીનો મુકામ શ્રી શાન્તિભાઇ કનેરિયાને ત્યાં રહેશે.



# આસ્થા-શ્રદ્ધા-વિશ્વાસ (ગતાંકથી ચાલુ)

સંકલનઃ-ઈશ્વરભાઇ એમ. શાહ

[ પ. પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજીના પ્રવચનમાંથી ]

દાખલા તરીકે એકજ ઈશ્વરનો મહિમા પ્રથમ લ્યો કે ઈશ્વર દરેકને જમાડે છે. હવે તે પ્રશ્નને ઘેર રહી, પૂરો નહિ સમજાય. એટલે નક્કી કરો કે આ રજાઓમાં ચાલીને એક પાઇ લીધા સિવાય હરિદ્વાર જઇશ. જોઉં છું કે ઈશ્વર જમાડે છે કે નહિ? ફીઝીકસમાં વિદ્યાર્થીઓને પ્રેકટીકલ પ્રયોગો કરાવે છે, તેવો આ પ્રેકટીકલ પ્રયોગ છે.

હવે હરિદ્વાર પગે ચાલીને જતાં વડોદરાથી હરિદ્વાર ૬૦ દિવસ થશે. ઘણાં ગામ આવશે. ઘણા લોકો મળશે. પૈસા તો નથી. શું થાય છે તે જુઓ. ૬૦ દિવસમાં જમ્યા સિવાય ન મરાય તો શ્રદ્ધા જાગશે કે ના-"ઈશ્વર છે." હું જેને જાણતો નથી, જે મારો સગો પણ નથી છતાં તે મને જમાડવા લઈ ગયેલ. આ જે જમાડવા લઈ જતા તે ઈશ્વર જ હતા. તમને માનવ દેખાતા હતા. પણ આવા પ્રેકટીકલ પ્રયોગો દર વર્ષે કરતા રહો તો પછી માનવ નહિ લાગે તે ઈશ્વર દેખાશે. દૃષ્ટિ બદલાઇ જશે. ભય જશે. સંગ્રહ જશે. અહમ્‌ને ઉભા રહેવાનું નહિં રહે. આવા પ્રયોગો જેને આધ્યાત્મિકતામાં આગળ વધવું છે તેને ખૂબ જરૂરી છે. આવા પ્રયોગો જ શ્રદ્ધાની કસોટી કરશે. આ પ્રયોગોને સાત ઋષિ સમજો, શ્રદ્ધાની કસોટી પૂરી થઇ કે વિશ્વાસ હાજર. સોની નોટમાંથી, બંગલામાંથી, શરીરમાંથી, પત્નિ, પુત્રી, પુત્રો, સગાં વિગેરેમાંથી વિશ્વાસ જશે. માત્ર એકજ વિશ્વાસ તમારામાં જ રહેશે, ઈશ્વરમાં રહેશે, ભલે દેખાતો ના હોય.

આસ્થા નં. ૧, શ્રદ્ધા નં. ૨, વિશ્વાસ નં. ૩, આસ્થા બુદ્ધિમાં થાય છે. શ્રદ્ધા–વિશ્વાસ બુદ્ધિથી પર છે. તમારામાં ઈશ્વરે આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસ ત્રણે તત્ત્વો જન્મથી જ મૂકયાં છે. લેવા જવાનાં નથી. માત્ર આ ત્રણેયનો તમો બીજે ઉપયોગ કરો છો, જગ્યા બદલવાની છે. સોની નોટ ગજવામાં છે તો આસ્થા ૧૦૦ ટકા છે કે ઘેર પહોંચી જવાશે ખર્ચ બહુ તો રૂા. ૨૦ અહિંથી વડોદરાની બસની ટિકિટના. રૂા. ૫ ચહાપાણીના થશે. પણ આ આસ્થા જે સોની નોટમાં છે તેવી "ઈશ્વર છે" ત્યાં ફેરવવાની છે. સોની નોટ લઇ ઉતર્યા. ખિસ્સુ કપાઈ ગયું તો ? ઈશ્વર છે તે આસ્થામાં જોખમ નથી, નોટ બનાવનારમાં આસ્થા નથી, પણ નોટમાં છે. મૂર્ખાઇની કોઇ હદ છે ? નોટ રાજીવે બનાવી તો રાજીવ સવારે હુકમ કાઢે કે આજ સવારથી સોની નોટ નહિં ચાલે તો નોટ મોટી કે રાજીવ ? રાજીવને પ્રેરણા આપનાર–જીવાડનાર પણ મારો પ્રભુ છે. તે પ્રેરણા આપે તોજ હુકમ નીકળે. હુકમ આપનારમાં આસ્થા નથી અને નોટમાં આસ્થા છે. નોટ નહિ ચાલે હુકમ બહાર પડયો કે ૧૦૦ ની નોટોના થોકડે થોકડા લઇ રખડવા મંડશો. મોઢાં ઢીલાં જઇ જશે. પગ લથડશે. આસ્થા કરાય "ઈશ્વર છે" તેમાં. મોઢાં ઢીલાં નહિં થાય. પ્રસન્નતા રહેશે. પણ તમને ઢીલાં મોઢાંમાં રસ છે.

આસ્થા કરો "ઈશ્વર છે" રોજ આસ્થા તો કરો. તેમાં ખર્ચ નથી. તમારી આસ્થા જ શ્રદ્ધા જગાડશે.

"ઇશ્વર નથી" તો પછી તમે નથી. તો "ઈશ્વર છે" તેમાં આસ્થા કરવી ડહાપણ નથી શું ? રોજ સવાર–સાંજ ૧૫ મિનિટ "ઈશ્વર છે. ઇશ્વર છે. ઈશ્વર છે" નો મંત્ર



જપજો. તો પ્રેકટીકલ પ્રયોગ કરી જુઓ. શ્રદ્ધાની કસોટી તેનું નામ પ્રેકટીકલ પ્રયોગ. મહાવીરે પોતાના જ્ઞાનમાં જોયું કે શરીરને ટકાવે છે કોણ ? અનાજ ટકાવે છે ? ના. અનાજ ખાનાર પણ મરે છે. તો શરીરને ટકાવે છે કોણ ? તે મારે જોવું છે. પ્રથમ દૃષ્ટિએ ખોરાક–હવા–જલ શરીરને ટકાવે છે તેવું જણાય છે. તો હું ખોરાક ઉપર પ્રેકટીકલ પ્રયોગ કરૂં.

મહાવીરે મનમાં નક્કી કર્યું કે આજે હું ભિક્ષા લેવા જઉં ત્યાં કોઇનું મૃત્યુ થયું હોય અને તે ઘરની બાઈ મને હસતાં હસતાં ભિક્ષા આપે તોજ લેવી. આવું ઘર જડતાં ૫૪ દિવસ નીકળી ગયા. પણ ૫૫ મા દિવસે ઈશ્વરે પોતે તેવું પણ શોધી આપ્યું. આવા પ્રયોગો ૧૨ વર્ષ કર્યા. આ ૧૨ વર્ષમાં મહાવીર છુટક છુટક ૩૬૦ દિવસ જમ્યા હતા. છતાં તે યુગમાં મહાવીર જેવો કોઈ તંદુરસ્ત માનવી ન હતો. ૧૨ વર્ષ પછી ઘોષણા કરી કે શરીરને કર્મ સાથે સંબંધ છે, ખોરાક સાથે નથી, જલ સાથે નથી, વાયુ સાથે નથી. મહાવીર એટલે કર્મ સિદ્ધાંત શોધનાર મોટા વિજ્ઞાનિક. તેણે ઈશ્વરની વાત જ ન કરી.

કર્મ ખપાવો, ઇશ્વર તો હાજરજ છે. ઇશ્વર તમેજ છો. "કર્મ ખપાવો" નો અર્થ જૈનોએ જુદો કરી નાખ્યો. મહાવીરને જે કહેવું હતું તે જૈનોએ ન લીધું. "કર્મ ખપાવો" હા. ખપાવો શબ્દ પકડી લીધો અને ઉપવાસ શરૂ કર્યા. ઉપવાસ કરીએ તો કર્મ ખપશે તેમ માન્યું. મહાવીરની વાત જુદી હતી. મહાવીર "કર્મ ખપાવો" શબ્દથી એમ કહેવા માગતા હતા કે તમને જે શરીર મળ્યું છે તે પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે છે. તો તમે પ્રારબ્ધ કર્મ હસતાં હસતાં ખપાવો નવાં ન કરો. તે મહત્વની વાત છે. જ્યારે જૈનોએ ખપાવો

શબ્દનો અર્થ ઉપવાસ સમજી બેઠા. નવા કર્મો ચાલુ જ રાખ્યાં.

શબ્દો રામ-કૃષ્ણ, મહાવીર, બુદ્ધ શું બોલ્યા તે ઉપર જેમ તેમ વિચાર કરી તેનો ઉપયોગ ન કરો. શબ્દોના ખોટા અર્થથી જેટલી હિંસા થઇ છે તેટલી વિશ્વયુદ્ધોથી નથી થઇ. સંપ્રદાયો શું છે ? શબ્દોના અર્થ. કોઈએ બ્રહ્મ, કોઈએ ઇશ્વર, કોઈએ જીવ, કોઇએ જગત, કોઈએ આત્મા, કોઈએ શરીર, કોઈએ કર્મ કહ્યું. આ બધા સંપ્રદાય તે શબ્દોના અર્થ જુદા જુદા માત્ર જ છે. સંપ્રદાયોની ખૂબ જરૂર છે, કારણ કે ઇશ્વર પ્રાપ્તિનાં સાધનો છે. હવે જ્યારે માનવ પોતાના સંપ્રદાયનો આગ્રહ રાખે છે બીજા ઉપર બળજબરીથી સ્થાપવા પ્રયત્ન કરે છે ત્યારે માનવનો આગ્રહ ખરાબ છે. પરંતુ સંપ્રદાય ખરાબ નથી. સંપ્રદાયોએ ઈશ્વર પ્રાપ્તિના વિવિધ રસ્તાઓ બતાવ્યા છે.

( ટાઇટલ ર નું ચાલુ )

૧૫ શ્રી અજયકુમાર એન. મહેરિયા, ચરાડા. સારૂં મોટું કામ મળવાથી.

૧૧ શ્રી કાન્તાબેન ભોજાણી, મોરબી.

૨૫ શ્રી ભૂપેન્દ્ર ડી. ગાંધી, મોરબી–બેન રેખાના લગ્ન પ્રસંગે

સહુને અભિનંદન

—※—

**સુધારો**

ફેબ્રુ. ૧૯૮૮ ના અંકમાં સદ્‌ભાવભરી ભેટમાં અમેરિકાના ૨૪ ગ્રાહકો તરફથી રૂા. ૩૭૪૯ જે છપાયા છે, તેને બદલે ૨૯ ગ્રાહકો તરફથી રૂા. ૩૧૨૪ વાંચવા.



શ્રી યોગેશ્વરજીની આત્મકથા

# પ્રકાશના પંથે

( ગતાંકથી ચાલુ )

સં. પરમાર્થી

શ્રી વલ્લભભાઇ પટેલ છેલ્લે છેલ્લે મસુરી આવતા ત્યારે બિરલા હાઉસમાં રહેતા એવું મેં સાંભળ્યું હતું. ગાંધીજી પણ ત્યાં ઉતરતા હતા. તેથી કુતૂહલથી પ્રેરાઇને એક દિવસ અમે એ તરફ ફરવા નીકળ્યા હતા. પરંતુ બિરલા હાઉસ ખૂબ જ દૂર હતું. પર્વતની છેક ખીણમાં મકાન ઘણું સુંદર ને ભવ્ય લાગતું હતું. પરંતુ કુદરતી સૌંદર્યની દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર સ્થળ લાગ્યું નહીં. બીજી જોવા જેવી જગ્યાઓમાં લાલ ટીમ્બા, ગનહીલ, કેમ્પટી ફોલ, ભટ્ટા ફોલ, મ્યુનિસીપલ ગાર્ડનની ગણત્રી થાય છે. ઉપરાંત ખ્રિસ્તી દેવળો ઘણાં છે. ખાસ કરીને રવિવારે આ દેવળોમાં પ્રાર્થના કરવા આબાલ-વૃદ્ધ લોકો ભેગાં થાય છે. પંજાબી, શીખ ને બીજા યુવાનોને ચર્ચમાં જતા જોઇને આશ્ચર્ય પણ થયું. ભણેલા સંપન્ન લોકો વધારે ભાગે ધર્મથી વિમુખ થયેલા ને થતા દેખાય છે. ધર્મ જો જીવનમાંથી કપાઈ જશે તો માણસમાં માણસાઈ જેવું કાંઇ નહિ રહે. તે પશુથી પણ પામર, હીન ને બદતર બની જશે.

મસુરીમાં હાથે દોરેલાં ચિત્રોનું પ્રદર્શન પણ યોજાતું. તે જોવાનો અવસર પણ મળ્યો. ચિત્રકારે વધારે ભાગે ગાંધીજી, નહેરુજી, સરદાર, ટાગોર અને એવા બીજા દેશનેતાનાં જ ચિત્રો દોરેલાં હતાં. તમામ ચિત્રો આબેહૂબ, સજીવ ને સરસ લાગતાં હતાં. જોઇને ચિત્રકાર તરફ અનહદ માન પેદા થતું હતું.

એકંદરે ત્રણ મહિનાનો મસુરીનો નિવાસ અમારે માટે

અત્યંત અનુકૂળ અને આનંદદાયક રહ્યો.

આ વખતે માની વિશેષ કૃપાને માટે પહેલેથી જ નવરાત્રીનું વ્રત ને તે દરમિયાન ઉપવાસ કરવાનો વિચાર હતો પણ ગયા વરસની જેમ આ વરસે પણ માએ પ્રેરણા આપીને ઉપવાસ કરવાની ના પાડી. તેથી ઘણી ઘણી ઇચ્છા હોવા છતાં ઉપવાસનો વિચાર પડતો મૂકયો. એ માટેના અનુભવો તારીખ ૨૮-૯-૧૯૫૮ સવારે ૬ાા વાગે ને તારીખ ૧-૧૦-૧૯૫૮ બુધવારે સવારે ૬ાા વાગે આ પ્રમાણે થયા હતા.

'કહો કે હવે અહીંથી કયારે નીકળું ? પાંચમે નીકળું નવરાત્રીમાં ?'

'હા. પાંચમે નીકળજો.'

'પછી ઋષિકેશ જાઉં ?'

'હા.'

'ત્યાં કયાં રહું ?'

'ભગવાન આશ્રમમાં.'

'ત્યાં ફાવશે ?'

'હા, ફાવશે.'

'તો પાંચમ સુધી અહીં ને પછી નવરાત્રીમાં ઋષિકેશ રહું એમ જ ને ?'

'હા.' માએ ઉત્તર આપ્યો.

બીજો અનુભવ આપીને માએ કહ્યું કે નવરાત્રીમાં ઉપવાસ કરવાની જરૂર નથી.

આ પ્રમાણે માની આજ્ઞા પ્રમાણે અમે ઋષિકેશ પહોંચ્યા.

ભગવાન આશ્રમનું સ્થાન જો કે વસ્તીમાં હતું પરંતુ પહેલાંનું પરિચિત હોવાથી ઘણું અનુકૂળ રહ્યું. અમે દોઢેક મહિના જેટલો સમય ત્યાં અત્યંત શાંતિ ને પ્રસન્નતાપૂર્વક રહ્યાં હતાં.



## ગાંધીનિવાસ સોસાયટી તથા ચંપકભાઇનું અવસાન

ગાંધીજી જયારે મસુરી આવતા ત્યારે બિરલા હાઉસમાં રહેતા. એ વખતે એમણે ઇચ્છા દર્શાવેલી કે મસુરીમાં એક ગરીબોની સેવાની સંસ્થા હોય તો સારું. એવી સંસ્થા સમાજ કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી શકે અને આવશ્યકતાનુસાર હું પોતે પણ બિરલા હાઉસને બદલે એમાં રહી શકું. એમની ઇચ્છાને અનુસરીને મસુરીમાં એક મકાનને સોસાયટીની સ્થાપના કરીને ખરીદવામાં આવ્યું. ગાંધીજી એ પછી પોતાની ઇચ્છાને પૂરી કરવા માટે મસુરીની મુલાકાતે ના આવી શકયા. એમનું સ્થૂળ શરીર શાંત થયું, પરંતુ એમની સ્મૃતિમાં ગાંધીનિવાસ સોસાયટી સાકાર બની. ઈશ્વરની ઇચ્છાથી એની જ કોઇ સર્વશ્રેયસ્કરિ મંગળમયી ઇચ્છાની પૂર્તિ માટે મારે એના સંપર્કમાં આવવાનું થયું. ઈ. સ. ૧૯૬૩ ના આરંભમાં થિયોસોફીકલ સોસાયટીના આશ્રયે પ્રત્યેક બુધવારે ગાંધીનિવાસ સોસાયટીના હોલમાં પ્રવચનો કરવાનું શકય બન્યું. પછી તો ગાંધીનિવાસ સોસાયટીના આશ્રયે એના હોલમાં દરરોજ પ્રવચનો ગોઠવાયાં. મારા મસુરી નિવાસની એ એક અત્યંત અગત્યની ચિરસ્મરણીય ઘટના સાબિત થઇ. મસુરીની સત્સંગપ્રેમી ને બીજી જનતાનો પ્રેમ મારા પર દિનપ્રતિદિન વધવા માંડ્યો.

(ક્રમશઃ)

# રામકથા

( ગતાંકથી ચાલુ )

યોગેશ્વરજી

( શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા )

ભરતે કહ્યું : ' મારી વિનતિને માન આપીને રામ જો અયોધ્યામાં પાછા ના ફરે તો એ સંજોગોમાં શું કરવું તેનો નિર્ણય પણ મેં કરી રાખ્યો છે. '

ઉર્મિલાને પોતાના તરફ આતુરતાભરી આંખે અવલોકી રહેલી જોઇને ભરતે પોતાની વાતના અનુસંધાનમાં કહેવા માંડ્યું: ' એ સંજોગોમાં મારાથી બીજું કરી શકાય પણ શું ? મારી પાસે બીજો રસ્તો જ કયો રહે છે? રામ અયોધ્યા આવવા માટેના મારા આગ્રહને માન્ય નહિ રાખે તો વનવાસની અવધિ પૂરી થતા સુધી મારે લક્ષ્મણની જેમ એમની સેવામાં રહેવું પડશે. લક્ષ્મણની પેઠે મને પણ એમના પ્રત્યે પુષ્કળ પ્રેમ છે. એમનો મારા પ્રત્યેનો પ્રેમભાવ પણ અજબ છે. એટલે એ મારો અસ્વીકાર તો નહિ જ કરે એની મને ખાતરી છે. એ જો વારંવારના પ્રયત્નો છતાં પણ પાછા નહિ ફરે તો મારે માટે પણ અયોધ્યામાં આવવાનો કશો અર્થ નહિ રહે, મારા આત્માને અયોધ્યાના એકલવાયા વાતાવરણમાં નહિ પરંતુ એમના સમાગમમાં જ શાંતિ મળશે. એ સમાગમ વનનો હોય કે નગરનો, મારે માટે સુખકારક સાબિત થશે. '

ભરતની રામને માટેની પ્રીતિ જોઇને ઉર્મિલા આભી બની ગઇ. એણે કહ્યું પણ ખરું : ' આવો અસાધારણ ભ્રાતૃપ્રેમ તો કોઇ વિરલ આત્માની અંદર પેદા થતો હશે. મહારાજ દશરથનો દિવંગત આત્મા આ પ્રેમભાવને જોઈને પરમ પુલકિત કે પ્રસન્ન થતો હશે. એમાં લેશ પણ સંદેહ નથી લાગતો.' ' એ ભ્રાતૃપ્રેમની



સફળતા તો રામ વનમાંથી પાછા આવે ત્યારે જ થાય ને ? ' એટલું બોલતાં બોલતાં તો ભરત ભાવવિભોર અને ગદ્‌ગદ્ બની ગયા.

ઊર્મિલા બોલી : ' રામ વનમાંથી પાછા આવે કે ના આવે તો પણ એની સફળતા તો થઈ જ ચૂકી છે. એ પ્રેમ તો જ્યારથી અંતરમાં પ્રકટ્યો છે ત્યારથી જ સફળ છે. ' વિશેષ વિલંબમાં પડ્યા વિના એક ધન્ય દિવસે ભરતે વનપ્રતિ પ્રયાણ કર્યું.

એ વખતે એના અંતરમાં અનેરો ઉમંગ ઉછળવા માંડ્યો. મહર્ષિ વસિષ્ઠે, સુમંત્રે, કૌશલ્યાદિ માતાઓએ, ઊર્મિલાએ, અને બીજા પ્રમુખ રાજપુરુષોએ ઘણોય આગ્રહ કર્યો પરંતુ ભરતે રથમાં બેસવાનું પસંદ ના કર્યું.

એણે સૌના આગ્રહ માટે આભાર માનતાં અશ્રુભરી આંખે કહેવા માંડ્યું : ' રામ થોડે સુધી જ રથમાં બેસીને નીકળેલા અને પછી તો પગપાળા જ આગળ વધેલા, એટલે મારે પણ પગપાળા જ આગળ વધવું જોઈએ. હું અયોધ્યાની બહાર આનંદ કરવા નથી નીકળ્યો પરંતુ એક પ્રકારના તપનું અનુષ્ઠાન કરવા નીકળ્યો છું. એટલે રથમાં નહિ બેસી શકું. '

સેના તથા રાજપુરુષોના વિશાળ કાફલા સાથે ભરત ગંગાના તટપર વસેલા સુંદર સ્થાન શ્રૃંગવેરપુરમાં પહોંચ્યા.

એ પ્રદેશ પર નિષાદરાજ ગુહનું શાસન હતું. ભરતની વિશાળ સેના જોઈને એને કોઈક અમંગલની શંકા થઈ.

એણે પોતાના સેવકોને કહ્યું : ' પિતા દશરથના આદેસને અનુસરીને રામ રાજ્યનો ત્યાગ કરીને સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં ગયા છે છતાં પણ ભરતને એથી સંતોષ નથી લાગતો. રામને રંજાડવા માટે એણે પોતાની વિશાળ સેના સાથે પ્રસ્થાન કર્યું છે. પરંતુ ભરતનો હેતુ જો પવિત્ર ને નિષ્કપટ હશે તો જ એ આગળ વધી શકશે. નહિ તો આપણે એનો એની સેનાનો મુકાબલો કરીશું.

સુમંત્રે ભરતને નિષાદરાજના રામને માટેના પવિત્ર પ્રેમનો પરિચય આપ્યો. એટલે ભરતે નિષાદરાજને પોતાને મળવાનું આમંત્રણ આપ્યું.

ભરતનો ભેદ લેવાનો ઊચિત અવસર આવેલો જાણીને નિષાદરાજે ભરતના આતિથ્ય માટે ફળફૂલ તથા ઉતમ ખાદ્ય પદાર્થો સાથે અસંખ્ય સેવકોને મોકલ્યા ને પાછળથી પોતે પણ ભરતની સેવામાં આવી પહોંચ્યો. (ક્રમશઃ)

## * સંત તુકારામની વાણી *

હે દેવ! તુ અતિ ઉદાર છે; અતિ કૃપાળુ છે. જે કોઇ તારે ચરણે આવે છે તેની પ્રાર્થનાને તું સાંભળે છે. તું તેમનો બધોજ ભાર તારા પોતાના માથા ઉપર ખેંચી લે છે. તું તેમને માટે મન વાણી અને કર્મ વડે અનન્ય થઈ ચૂકયો છે. તેઓ તને હાંક મારે કે તરત તું તેમની પાસે દોડતો જઈને ઊભો રહે છે. તેમને જે વખતે જે વાતની ઇચ્છા હોય તે ઇચ્છાને પૂર્ણ કરી દે છે. તે જ્યારે રસ્તે ચાલતા હોય ત્યાર તું તેમની પ્રતિક્ષણે સંભાળ લે છે અને તેમને પગે વાગે એવા કાંટા, પથરા વગેરે જે કાંઈ તેમના માર્ગમાં પડ્યા હોય તે બધાંને તું એક બાજુએ કરી દે છે. તુકારામ કહે છે કે એમ હોવાથી તારા ભકતોને કશી જ વાતની ચિન્તા હોતી નથી, કારણ કે હે દેવ! સર્વ પ્રકારે તેમનું રક્ષણ કરનાર તું તેમના ઘરમાં જ બેઠેલો છે.

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

**Form-IV ( See Rule-8 )**

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 **B**, Sardar nagar, Bhavnagar-1 |
| 2. Periodicity of its : publication | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688-B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and partners, share-holders holding more than one percent of the total capital. | The magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad-13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Dated. 10 th, March 1988

Narayan H Jani
Publisher.

ADHYATMA Regd. No. GBV 113

# માનવ જીવન ને સુખદુઃખ

આ પવિત્ર મહામોંઘા માનવદેહને મેળવીને કેટલાયે મનુષ્યો તેને વેડફી નાંખે છે. છોકરા છૈયાં ને ઘરબાર તથા સંસારના રંગરાગ ને માન તથા અભિમાનમાં અક્કડ થઇ ફરે છે. પણ કાળ એક દિવસ તેમને સખત તમાચો મારે છે. ને તેમના કર્મનો દંડ દે છે. ખરેખર તે લોકો પોતાની જિંદગી બરબાદ કરી દે છે. સુખી તો તે જ છે ને તે જ ધન્ય ને બડ ભાગી છે, જે ભગવાનને ભૂલતાં નથી. તેને ભજે છે, ને સુખમાં કે દુઃખમાં પણ ભગવાનને છોડતા નથી. જે ભગવાનને ભજે છે તેની ચિંતા ખૂદ ભગવાન પોતે કરે છે.

સંસારનું દુઃખ જોઇને ડરવું જોઇએ નહીં. તેમ જ તેને માટે કદી ચિંતા પણ ના કરવી જોઇએ. સંસારમાં તો દુઃખ જ છે. વળી ભગવાન જેના પર દયા કરે છે તેના પર તે દુઃખ જ વરસાવે છે; કેમકે સુખમાં માણસ તેને ભૂલી જાય છે. તેથી તો મોટા મોટા ભકતો પર પ્રભુએ દુઃખ જ વરસાવ્યું છે. પણ તે તો બહારથી જોતાં દુઃખ લાગે! ભગવાનના પવિત્ર પ્રેમીઓને મન તો તે સુખ જ હોય છે. જે પ્રભુના પ્રેમમાં જ મસ્ત છે તે તો હંમેશાં સુખી જ છે. ભગવાનનું નામ લેવાનું મળે એ જ મોટામાં મોટું સુખ છે. એ વિનાનું બધુંયે ઘોર દુઃખ છે.

યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ- પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧